dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 06 | AD - 2024, Aaso Sud -04 | Sunday, Dt.06-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈવીએમ મશીનમાં ૧૦૩૧ ઉમેદવારોનું ભાવિ સીલ, ૮ ઓક્ટોબરે મતગણતરી

# હરિયાણાની તમામ ૯૦ બેઠકો પર ૬૫% મતદાન

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૫

હરિયાણામાં આજે વિધાનસભાની ચૂંટણી માટે સવારે ૭ વાગ્યાથી મતદાન ચાલુ થયું હતું જે સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું. ૯૦ બેઠકો માટે યોજાયેલ મતદાનમાં લગભગ ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું. સાંજે છ વાગ્યા સુધીમાં - ૬૯.૨, બહાદુરગઢ – ૬૧.૪,બેરી - ૬૩.૪, ઝજ્જર - ૬૨.૦ સાંજે ૬ વાગ્યા સુધી અંબાલા જિલ્લામાં ૬૪.૫ ટકા મતદાન થયું છે. નારાયણગઢમાં સૌથી વધુ ૬૯.૯ ટકા, મુલાનામાં ૬૮.૧૦ ટકા અને અંબાલા કેન્ટમાં ૬૧.૩ ટકા અને અંબાલા શહેરમાં ૬૦.૨૦ ટકા મતદાન થયું હતું. સોનીપતમાં સાંજે ૬ વાગ્યા સુધી ૬૨.૦ ટકા મતદાન થયું હતું. હરિયાણાની તમામ ૯૦ બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૧૦૩૧ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. મતદાનની સૌથી ઝડપી ગતિ નૂહ જિલ્લામાં જોવા મળી હતી. અહીં ૬૮.૨૮ ટકા લોકોએ મતદાન કર્યું. આ સિવાય ગુરુગ્રામમાં સૌથી ધીમી ગતિએ મતદાન નોંધાયું હતું. અહીં માત્ર ૪૯.૯૭ ટકા લોકોએ મતદાન કર્યું હતું. હરિયાણામાં મુખ્ય મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોવાનું માનવામાં આવે છે. સત્તાધારી



ભાજપે સિરસા બેઠક સિવાય તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. સિરસામાં ભાજપે હરિયાણા લોક હિત પાર્ટીના ગોપાલ કાંડાને સમર્થન આપ્યું છે. બીજી તરફ કોંગ્રેસ પણ ભિવાની સિવાયના તમામ વિસ્તારોમાં ચૂંટણી લડી રહી છે. ભિવાનીમાં કોંગ્રેસે સીપીઆઈ એમને સમર્થન આપ્યું છે જેણે ઓમ પ્રકાશને મેદાનમાં ઉતાર્યા છે. આ સિવાય અન્ય પાર્ટીઓની વાત કરીએ તો તેમણે પણ હરીફાઈને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે. છેલ્લી વખત કિંગમેકર બનેલી દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટીનું સાંસદ ચંદ્રશેખર આઝાદની આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ) સાથે ગઠબંધન છે. તે જ સમયે, ઓમ પ્રકાશ ચૌટાલાના ભારતીય રાષ્ટ્રીય લોકદળનું માયાવતીની બસપા સાથે ગઠબંધન છે. કોંગ્રેસ સાથે વાતચીત સફળ ન થયા પછી, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી પણ તમામ ૯૦ બેઠકો પર મેદાનમાં રહી. મતદાન માટે કુલ ૨૦,૬૩૨ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. મતદાન માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

## એક્ઝિટ પોલ : હરિયાણામાં કોંગ્રેસ તો જમ્મુ-કાશ્મીરમાં એનસી-કોંગ્રેસ સરકાર બનાવશે

કોંગ્રેસ હરિયાણામાં સૌથી મોટી પાર્ટી બનશે અને પોતાના દમ પર સરકાર પણ બનાવી શકે છે. સતત બે ટર્મથી સરકાર બનાવી રહેલ ભાજપ બહુમત માટે જરૂરી ૪૬ બેઠકોના આંકડાથી દૂર જણાઈ રહ્યું છે. પાર્ટી બીજા સ્થાને રહેશે. જો કે નિષ્ણાતોનું માનવું છે કે ૧૮ બેઠકો એવી છે કે જ્યાં બંને વચ્ચે જોરદાર ટક્કર છે. ભાજપ-કોંગ્રેસ સિવાય INLD-BSP ગઠબંધન, JJP-SP ગઠબંધન અને આમ આદમી પાર્ટી જેવા અન્ય પક્ષો કોઈ ફેરફાર કરતા જોવા મળતા નથી.જયારે જમ્મુ-કાશ્મીરમાં પણ ભાજપ જીતથી દૂર રહેશે. ૯૦ બેઠક પર થયેલા એકઝીટ પોલ મુજબ નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ ગઠબંધન ૪૪ થી ૫૨ સીટ પર જયારે ભાજપ ૨૨થી ૨૯ સીટ જીતી શકે છે. પીડીપી ૬થી ૧૨ સીટ પર જીતી શકે તેમ છે. હરીયાણા અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણીના પરિણામો આગામી તા.૮ના રોજ આવશે. એક્ઝિટ પોલના તારણ મુજબ હરિયાણામાં કોંગ્રેસ અને જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ સત્તા બનાવશે તેવુ લાગી રહ્યુ છે.

### આંતકવાદી પ્રવૃતિની શંકામાં એકની અટકાયત કરવામાં આવી

# દિલ્હી સહિત પાંચ રાજયોમાં ૨૨ સ્થળોએ એનઆઈએના દરોડા

દિલ્હી,તા.૦૫

નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી (NIA)એ મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ, આસામ અને દિલ્હીમાં એક સાથે ૨૨ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. NIAએ આતંકવાદી ષડયંત્રના કેસમાં કાર્યવાહી કરી છે. જેમાં અનેક લોકોની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. NIAને આશંકા છે કે અટકાયત કરાયેલા




લોકોનું આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે કનેક્શન છે. મહારાષ્ટ્રના માલેગાંવ, જાલના અને સંભાજીનગરમાં NIAના દરોડા દરમિયાન છ્જીની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. NIAએ માલેગાંવના એક હોમિયોપેથી ક્લિનિકમાંથી ૩ લોકોની અટકાયત કરી છે. જાલનામાંથી પણ એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. આતંકવાદી પ્રવૃતિઓમાં સંડોવણી બદલ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જમ્મુ-કાશ્મીરના બારામુલ્લામાં જે વ્યક્તિના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે તેનું નામ ઈકબાલ ભટ છે. તેના પર ટેરર ફંડિંગનો આરોપ છે. આ સિવાય કાશ્મીરમાં કેટલાક સ્થળો પર દરોડા પણ ચાલુ છે.

# કુપવાડામાં સુરક્ષા દળો સાથેની મુઠભેડમાં બે આંતકીઓ ઠાર

કુપવાડા,તા.૦૪

જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના ગુગલધરમાં લાઈન ઓફ કન્ટ્રોલ (LoC) પર સુરક્ષા દળોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સેના અને પોલીસે બે આતંકીઓને ઠાર કર્યા છે. ભારતીય સેનાના ચિનાર કોર્પ્સે કહ્યું કે શુક્રવાર, ૪ ઓક્ટોબરે સેના અને પોલીસે એક શંકાસ્પદ હલચલ જોઈ. આ પછી સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓએ



ફાયરિંગ કર્યુ હતું. સુરક્ષા દળોની જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. તેમની પાસેથી મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે.

હાલ ઓપરેશન ચાલુ છે.આ પહેલા ૨૮ સપ્ટેમ્બરે કઠુઆ જિલ્લાના બિલવર તહસીલના કોગ-મંડલીમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

### આતંકવાદીઓ પાસેથી મોટી સંખ્યામાં હથિયારો, દારૂગોળો મળ્યો

જેમાં જમ્મુ-કાશ્મીર પોલીસના હેડ કોન્સ્ટેબલ બશીર અહેમદનું મોત થયું હતું. એન્કાઉન્ટરના બીજા દિવસે એક આતંકવાદી માર્યો ગયો હતો.

૨૮ સપ્ટેમ્બર શનિવારના રોજ કુલગામના અડીગામ દેવસર વિસ્તારમાં પણ એન્કાઉન્ટર થયું હતું. જેમાં સુરક્ષાદળોએ બે આતંકીઓને ઠાર કર્યા હતા. ફાયરિંગમાં સેનાના ચાર જવાન અને કુલગામ ASP ઘાયલ થયા છે.




# આજે કેબીનેટની બેઠક : ગુજરાતના ૨૦૦૫ પહેલાના કર્મીઓને જુના પેન્શનનો લાભ મળશે



ગાંધીનગર,તા.૦૫

ગુજરાતના ૨૦૦૫ પહેલાના કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળશે. આવતીકાલે રવિવારે કેબિનેટની બેઠક યોજાનાર છે. તેની પૂર્વસંધ્યાએ રાજ્યના પ્રવક્તા મંત્રીએ આ જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્યના વિવિધ કર્મચારી સંગઠનો જૂની પેન્શન યોજના મુદ્દે આંદોલન કરી રહ્યા હતા. એટલું જ નહીં, તાજેતરમાં વડાપ્રધાનની મુલાકાત સમયે આંદોલન કરવાની ચીમકી આપી હતી પરંતુ આ કાર્યક્રમ સરકારની હૈયાધારણા બાદ મુલતવી રાખ્યો હતો.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૬-૧૦-૨૦૨૪

# ખંભાળા ગામે પે સેન્ટર શાળાના બિલ્ડીંગ અને કમ્પ્યુટર લેબનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે લોકાર્પણ

બાબરા,તા.૦૫

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખંભાળા ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પે સેન્ટર શાળા માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૪૦ લાખના ખર્ચે નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે, જેમાં ૪ રૂમોની સાથે રૂ. ૩. ૭૫ લાખના ખર્ચે ૧૫ કોમ્પ્યુટર સેટ સાથેની



લેબ તથા ડિજિટલ સ્માર્ટ બોર્ડ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધાસભર બિલ્ડીંગ તેમજ કમ્પ્યુટર લેબનું લોકાર્પણ સતત પ્રયત્નશીલ લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયા દ્વારા જણાવવામાં આવેલ કે શિક્ષણ એ પાયો છે. જેમ કોઈ ઈમારતને ઉભી કરવા માટે પાયો મજબૂત જોઈએ તેમ બાળકને ઘડવા માટે શિક્ષણ આપવું એ બાળકના ઘડતરનો પાયો છે.

# અમરેલી જિલ્લામાં ગ્રામ્ય સ્તરે નિયમિત સ્વચ્છતા જાળવવા રિફ્રેશન તાલીમ સંપન્ન

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં ગ્રામ્ય સ્તરે નિયમિત સ્વચ્છતા જાળવવા બાબતે રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. લાઠી તાલુકામાં વિવિધ ગામના સરપંચ તથા તલાટી કમ મંત્રીની રિફ્રેશર તાલીમ સંપન્ન થઈ હતી. ગામને કાયમી ધોરણે સ્વચ્છ



રાખવા માટે વિવિધ વિગતોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતુ. કાયમી સફાઈ પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ દ્વારા જનજાગૃત્તિ, ગટરલાઈન સાફ સફાઈ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. લાઠી તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ નિયમિત રીતે સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે નાગરિકોની ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# અમરેલી પાલિકા દ્વારા રાત્રિના સમયે શહેરમાં સફાઈની કામગીરી


અમરેલી,તા.૦૫

અમરેલી નગરપાલિકા દ્વારા રાત્રિના સમયે પણ શહેરમાં સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. અમરેલી નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના ચિત્તલ રોડ, લાઠી રોડ, ગણેશ સોસાયટી-એરપોર્ટ વિસ્તાર સહિતના સ્થળોએ રાત્રિના સમયે સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા માટે જનજાગૃતિ કેળવાય



તે માટે રચનાત્મક કાર્યો દ્વારા જરુરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કર્મીઓના આરોગ્યની પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.

# સેવાભાવી આગેવાન સાગર સરવૈયા દ્વારા ગરીબ બાળકોને પિત્ઝાનો નાસ્તો



અમરેલી,તા.૦૫

રાજુલા પંથકના સેવાભાવી આગેવાન સાગરભાઈ સરવૈયા વિવિધ સેવાકિય પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે ત્યારે તેમની ઓફિસ પાસે કામ કરી રહેલા ગરીબ બાળકોને પિત્ઝા ખાવા માટે લઈ ગયા હતા. ગરીબ બાળકોએ જિંદગીમાં પ્રથમવાર પિત્ઝા ખાતા આનંદ છવાયો હતો.

# રાજુલા શહેરમાં જય માતાજી યુવા ગ્રુપ દ્વારા માત્ર મહિલાઓ માટે નવરાત્રીનું આયોજન

રાજુલા, તા.૦૫

રાજુલા શહેરમા વર્ષોથી જય માતાજી ગ્રુપ દ્વારા માત્ર મહિલાઓ માટે ફ્રી પાસ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે અહીં માત્ર મહિલાઓ માટે જ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રાઉન્ડમા પુરુષોને એન્ટ્રી નથી અને મહિલાઓ માટે ફ્રી પાસથી આયોજન કરવામાં આવે છે. પ્રથમ



નોરતાથી જ ખેલૈયાઓ અવનવા સ્ટેપ સાથે ઝૂમી ઉઠ્યા હતા. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિત પ્રતિનિધિ અગેવાનો, ચેમ્બર ઓફ કૉમર્સ વેપારીઓ, વિવિધ સંસ્થાઓના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા વાજબી ભાવના દુકાનદારોનું કલેકટરને આવેદનપત્ર

અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લાના ફેર પ્રાઈસ શોપ એસોસિએશને શનિવારે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવીને છેલ્લા ત્રણ વર્ષથી તેમના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે વિનંતી સાથે માગણી કરી છે. અમરેલી જિલ્લા એસોસિએશને એવી પણ ચીમકી ઉચ્ચારી છે કે,



જો તેમની માગણી સ્વીકારવામાં નહીં આવે તો ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિએશન દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમને સમર્થન આપવામાં આવશે અને ઓક્ટોબર મહિનાથી જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીથી અળગા રહેવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત તેમના ત્રણ પ્રશ્નોને સરકાર સુધી પહોંચાડવા કલેકટરને વિનંતી કરી હતી.

# શાંતાબા જનરલ હોસ્પિટલમાં માનસિક રોગીની સફળ સારવાર

રાજુલા,તા.૦૫

રાજુલાના રહેવાસી ૨૫ વર્ષીય સોલંકી પરીવારના મહિલા દર્દી છેલ્લા સાત વર્ષથી સ્કીઝોફેનીયા નામની માનસિક બીમારીથી પીડાતા હતા. અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે માનસિક રોગના નિષ્ણાંત



ડો. ભાવિન કદાવાલા વિશે જાણ થતા તેમણે તેમની પાસે સારવાર શરુ કરાવેલ હતી. ડો. ભાવિન કદાવાલાની સારવાર બાદ દર્દીની તબિયતમાં સુધારો થયેલ હતો. દર્દી સામાન્ય જીવન જીવવા લાગતા તેમના પરીવારજનોએ ડોક્ટર તથા હોસ્પિટલનો વિનામૂલ્યે ઉત્તમ સારવાર આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો .

# સા.કુંડલાનાં ધજડી ગામે ગાંધી જયંતીએ સ્વચ્છતા અભિયાન, ગ્રામસભા યોજાઈ



સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે મહાત્મા ગાંધી જયંતીના દિવસે સ્વચ્છતા અભિયાન અને ગ્રામ સભાનુ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કામોની રજૂઆત કરવામાં આવી હતી. એ ટીડીઓ જીગ્નેશભાઈ વાઘાણી, તલાટી મંત્રી, શાળાના શિક્ષકો ગ્રામ પંચાયત સભ્યો, ગ્રામજનોએ હાજરી આપી હતી. સરપંચ ભરતભાઈ ધડુક દ્વારા ગામમા સારી સુવિધા મળે તે માટે અધિકારીને રજૂઆત કરાઈ હતી.
















# જાફરાબાદમાં ગટરનું તાત્કાલિક રીપેરીંગ કરવા જનતાની માંગ

જાફરાબાદ,તા.૦૫



જાફરાબાદમાં શહેરના પોશ એરીયા અને ઐતિહાસિક બંદર ચોક, કે જ્યાં ૪૦૦થી ૫૦૦ ફૂટ લાંબી અને અઢી-ત્રણ ફૂટ પહોળી ભૂગર્ભ ગટર નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ છે. તેની ઉપર સ્લેબ ભરીને બંધ કરવામાં આવેલ હતી. સમય જતાં આ ગટર ધીમે ધીમે જર્જરીત થતા અમુક અમુક જગ્યા ઉપર ખાડાઓ પડી ગયા છે. તો અમુક જગ્યા પર સ્લેબ તૂટી અને ગટરની અંદર પ્રવેશ કરી ચૂક્યો છે. હવે ખારવાવાડ વિસ્તારમાં જવા માટે ગટરની ઉપર થઈને જ અંદર પ્રવેશ કરવો પડે છે. આવા સમયમાં આ જર્જરીત ગટરના લીધે મહિલાઓ, બાળકો કે વૃદ્ધ લોકોને પોતાના ઘર તરફ જવું કે ઘરેથી ગામમાં નીકળવું મુશ્કેલ થઈ રહ્યું છે. જો તાત્કાલિક આ ગટરનું રીપેરીંગ કામ કરવામાં નહીં આવે તો ક્યારેક ગંભીર પ્રકારની હોનારત થવાની શક્યતા રહેલી છે. આથી સ્થાનિક લોકો દ્વારો તંત્ર પાસે તાત્કાલિક યોગ્ય પગલા લઈ અને આ ગટરનું નવનિર્માણ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી રહી છે.

# ઈકો સેન્સેટિવ ઝોન વિરુદ્ધ જિલ્લામાં વિરોધનો વંટોળ : ધારીમાં ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું

**૨૦૦થી વધુ ગામડાંઓને અસર કરતા કાયદા સામે જિલ્લાભરના ખેડૂતોમાં રોષ**

ધારી, તા.૦૫



તસવીર : સંજય વાળા

ગીર સોમનાથ, જુનાગઢ અને અમરેલી જિલ્લાના ૨૦૦થી વધુ ગામડાંઓને અસર કરતા ઈકો સેન્સેટિવ ઝોન સામે વિરોધનો સૂર ઊઠ્યો છે. આજે ધારી ગીરના ખેડૂતો, સરપંચો અને કોંગ્રેસ પક્ષના નેતાઓએ ધારી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્ર પાઠવતા પહેલા પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ ખેડૂતો અને સરપંચોની મુલાકાત લીધી હતી. તેમણે ગ્રામીણ વિસ્તારો અને ખેડૂતોને બચાવવા માટે કોંગ્રેસ પક્ષને આગળ આવવાનું આહવાન કર્યું હતું. ધારી કોંગ્રેસ પ્રમુખ રવિ હીરાણીએ ચેતવણી આપી હતી કે જો આ કાળો કાયદો રદ નહીં થાય તો શાસ્ત્ર સાથે શસ્ત્ર ઉઠાવવા પડે તો પણ પાછી પાની નહીં કરવામાં આવે.

## અવસાન નોંધ

**રાજકોટ (જામસર)**

માણેકબેન રામજીભાઈ ટાંકનું તા. ૫-૧૦ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.રામજીભાઈ નથુભાઈ ટાંકના પત્ની તથા રાજેશભાઈ અને હરેશભાઈ તથા કુસુમબેનના માતા અને મનસુખભાઈના સાસુ થાય છે. તેમનું બેસણું તા.૭-૧૦ના રોજ સાંજે ૪થી ૬ શ્રી સહકારેશ્વર મંદિર, સહકાર સોસાયટી, શેરી નં.૭, રાજકોટ ખાતે રાખેલ છે.

**કોડીનાર (કડોદરા)**

પૂજાબેન નારણભાઈ સોસા (ઉ.વ.૯૬)નું તા. ૧ના રોજ અવસાન થયેલ છે. તે બાલુભાઈ અને ભાણાભાઈના પિતા તેમજ ડો.કમલેશભાઈ, કલ્પેશભાઈ અને જતિષભાઈના દાદા થાય છે. તેમનું બેસણું તા.૬ને રવિવારના રોજ કડોદરા મુકામે સવારે ૯ કલાકે રાખેલ છે.

**અમરેલી (મોનપૂર)**

જગદીશભાઈ લાધાભાઈ ગજેરા (ઉ.વ.૬૭)નું ૩/૧૦ના રોજ અવસાન થયેલ છે. તે અમરેલી તાલુકાના મોણપૂર ગામના ખડૂત આગેવાન છગનભાઈ લાધાભાઈ ગજેરા, મગનભાઈના નાનાભાઈ, ભદ્રેશભાઈના પિતા થાય છે.

# સાવરકુંડલામાં વિદ્યાર્થિનીઓ માટે ટ્રાફિક જાગૃતિ સેમિનાર યોજાયો


સાવરકુંડલા, તા.૦૫





અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે "ટ્રાફિક જાગૃતિ સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું હતું. નૂતન કેળવણી મંડળ સંચાલિત આ શાળા અને એ.કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં શિક્ષિકા તૃપ્તિબેન પાનસુરીયા અને તૃપ્તિબેન ભરાડે દ્વારા ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન, બંને સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ ત્રણ વિજેતાઓને સન્માનિત કરાયા, શાહ સર અને ગોહિલ સર દ્વારા રોડ સેફટી વિશે વિસ્તૃત માહિતી અપાઈ તો શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયાએ ૧૮ વર્ષથી નાની ઉંમરે વાહન ન ચલાવવાની સલાહ આપી હતી. કાર્યક્રમના અંતે શાહ સરે સૌને રોડ સેફટીની પ્રતિજ્ઞા લેવડાવી હતી. કાર્યક્રમનું સંચાલન તૃપ્તિબેન ભરાડ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે શાળાના સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીએ આભારવિધિ કરી હતી.

અમરેલી જિલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુધનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપેરમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૪૮ /૨૦૨૪

અરજદાર: શ્રી મંગાભાઈ ભીમાભાઈ મેર
સરનામુ: મું.ધારાબંદર, તા.જાફરાબાદ, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,ધારાબંદર મું.ધારાબંદર , તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ધારાબંદર** ગામના **શ્રી મંગાભાઈ ભીમાભાઈ મેર** એ તેમની **પુત્રી નામે શ્રી સંધ્યાબેન મંગાભાઈ મેર નો જન્મ** તા.૨૯/૦૩/૨૦૧૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૩ /૨૦૨૪

અરજદાર: શ્રી વરૂ શાંતુભાઈ બાબાભાઈ
સરનામુ: મું.મીઠાપુર, તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, મીઠાપુર મું. મીઠાપુર, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામના **શ્રી વરૂ શાંતુભાઈ બાબાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી વરૂ મહાવીરભાઈ શાંતુભાઈ નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૭ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મિલન આર.જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે.તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૫૯/૨૦૨૪

અરજદાર: શ્રી બારૈયા હિતાઈબેન નથાભાઈ
સરનામુ: મું.ગોવિંદગલી કાઠા શેરી, ખારવાવાડ,જાફરાબાદ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી બારૈયા હિતાઈબેન નથાભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી શંકરભાઈ નથાભાઈ બારૈયા નો જન્મ** તા.૦૧/૦૪/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આઈ.આઈ.ગાહા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મનોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**જાહેર નોટીસ**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં**

નં. જન્મ/ કેસ. નં.૪૧/૨૦૨૪
જ.તા.૩૦/૦૫/૨૦૧૬

પ્રતિ:
શ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા .......અરજદાર
રહે.જામવાળા, તાલુકો ગીર ગઢડા, જિલ્લો. ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી, જામવાળા, તાલુકો. ગીરગઢડા, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા, રહે.જામવાળા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી શ્રી કાજલબેનનો જન્મ તા.૩૦/૦૫/૨૦૧૬ના રોજ ગીરગઢડા તાલુકાના જામવાળા ગામ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ,વ્યક્તિ,સંસ્થા,બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ ૦૩/૧૦/૨૦૨૪ માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

સહિ
(જી.કે.વાળા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,ગીરગઢડા

# દર્દીઓની સુવિધામાં વધારો, આધુનિક ૧૦૮ એમ્બ્યુલન્સનું અમરેલીમાં લોકાર્પણ કરાયું

અમરેલી, તા.૦૫



અમરેલી જિલ્લામાં અત્યારે કુલ ૨૪ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કાર્યરત છે. તે અંતર્ગત બે એમ્બ્યુલન્સના ઈમરજન્સી વાહન તરીકેના કિલોમીટર પૂર્ણ થવાથી સરકાર દ્વારા તે બંને એમ્બ્યુલન્સની બદલીમાં નવી બે અત્યંત નવી આધુનિક ટેકનોલોજી ધરાવતી એમ્બ્યુલન્સનું લોકાર્પણ શનિવારે જિલ્લા કલેકટ અજય દહીયા, જિલ્લા વિકાસ અધિકારી પી.બી.પંડ્યા, નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા પંચાયતના કર્મચારી તેમજ અમરેલી જિલ્લાની ૧૦૮ ટીમની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. તેમજ એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ સાધનો વિશેની પૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

# ધારીમાં પુરુષને મારી નાંખવાના ઈરાદે માથામાં તલવારનો ઘા માર્યો

ધારી, તા.૫

ધારીના વાઘાપરામાં બે પક્ષોમાં પોલીસ કેસને લઈ માથાકૂટ થઈ હતી અને સામસામી ફરિયાદ નોંધાવી હતી. મનુભાઈ ધીરૂભાઈ કણસાગરાએ વિપુલભાઈ ભેસાણીયા, પસુભાઈ ભકુભાઈ ભેસાણીયા, જયશ્રીબેન ભકુભાઈ ભેસાણીયા, જયસુખ ઉર્ફે હકો ચાવડા સહિત ૮ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરો ચારેક મહિના પહેલા જયસુખ ચાવડાની દિકરીને ભગાડી ગયો હતો. જે બાબતે ધારી પો.સ્ટે.માં પોક્સોનો ગુનો દાખલ થયો હતો. જે બાબતનું મનદુઃખ રાખીને આરોપીએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી તેમના દિકરાને માર-મારતા હતા. જે બાબતે તેમને ખબર પડતા તેઓ તેના દિકરાને છોડાવવા જતા મારી નાખવાના ઈરાદે તલવારનો એક ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી. ઉપરાંત કુહાડીનો ઘા હાથના કાંડા પર માર્યો હતો. તેમજ મુંઢ ઈજા કરી હતી તથા તેમની ભાણકીને ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. જે બાદ વિશાલ રાજુભાઈ ભેસાણીયાએ સુભાષભાઈ મનુભાઈ કણસાગરા, અજીતભાઈ મનુભાઈ કણસાગરા તથા મનુભાઈ ધીરૂભાઈ કણસાગરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કુટુંબી કાકાએ છ મહિના પહેલા ધારી પોલીસ સ્ટેશનમાં પોક્સોનો ગુનો નોંધાવ્યો હતો. જેના મનદુઃખમાં તેમના પર આરોપીઓએ હુમલો કર્યો હતો.

# માવજીંજવા ગામે મૂંછો મરડી યુવકને જાહેરમાં અશ્લીલ શબ્દો કહ્યા


બગસરા, તા.૦૫

**કે.લાલ હાઇસ્કૂલ પાસે બની ઘટના**

બગસરાના માવજીંજવા ગામે જમીનનું દબાણ દૂર કરાવ્યું હતું. જેનો ખાર રાખી મૂંછો મરડીને જાહેરમાં અપશબ્દો કહ્યા હતા. બીપીનભાઈ નનુભાઈ પાઘરા (ઉ.વ.૩૫) એ દિવ્યેશગીરી ઉર્ફે લાલો ગોસાઈ, કુલદીપપરી ગોસાઈ, શૈલેષપરી ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આજથી આશરે એકાદ મહિના પહેલા માવજીંજવા ગામની જમીનનું દબાણ દુર કરાવ્યું હતું. જેનું મનદુઃખ રાખી આરોપી સામે મૂછો મરડવા લાગ્યો હતો અને જાહેરમાં અશ્લીલ શબ્દો કહ્યા હતા. જેથી તેમણે આવું બોલવાની ના પાડતા ઉશ્કેરાઈને શરીરે મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી બળસટિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નવરાત્રીમાં સાવરકુંડલા ભક્તિના રંગે રંગાયુઃ વિવિધ ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર

સાવરકુંડલા, તા.૦૫



નવલા નોરતામાં સાવરકુંડલા પણ ભક્તિના રંગમાં રંગાયું છે. સાવરકુંડલાના ઝીંઝુડા ગેઈટ ખાતે આવેલ ગોંદરે શ્રી કૃષ્ણ રાસ મંડળ દ્વારા ખોડીયાર માની મૂર્તિનું આયોજન થયું છે. અહીં છેલ્લા ૪૧ વર્ષથી નિયમિત રીતે વિવિધ ફ્લોટ્સ દ્વારા ભાવિકોને દર્શનનો લ્હાવો પ્રદાન કરવામાં આવે છે. દાસારામ યુવક મંડળ દ્વારા આયોજિત હમીરજી ગોહિલનું મહાદેવના ચરણોમાં શીશ સમર્પણ ફ્લોટ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલ. આ યુવક મંડળ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી નિયમિત રીતે આયોજન થાય છે. પોપટ બોઘાના નાકે શેઠ સગાળશા અને ચેલૈયાના પ્રસંગનો ફ્લોટ પણ લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. અહીં પણ છેલ્લા ૩૮ વર્ષથી નિયમિત રીતે વિવિધ ફ્લોટ્સનું આયોજન કરવામાં આવે છે. દેવળા ગેઈટ ખાતે આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા આયોજિત નવરાત્રિ મહોત્સવ - ૨૦૨૪ અંતર્ગત સમુદ્ર મંથનનો આકર્ષક ફ્લોટ પણ ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

# માવજીંજવા ગામે યુવકને ગાડીમાંથી બહાર ખેંચી જાનથી મારવાની ધમકી આપી

બગસરા, તા.૫

બગસરાના માવજીજંવા ગામે એક યુવકને ગાડીમાંથી બહાર ખેંચી ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. નાગજીભાઈ લક્ષ્મણભાઈ જાદવ (ઉ.વ.૭૦)એ ઘનશ્યામભાઈ નાનુભાઈ પાઘરા, બીપીનભાઈ નાનુભાઈ પાઘરા, વનરાજભાઈ બાવાભાઈ વાળા, મુન્નાભાઈ સભાડીયા, ધીરુભાઈ ખોડાભાઈ તળાવીયા, શક્તિભાઈ ધાધલ, કરણ ઉર્ફે કાનો ધાધલ, મયુર ધાધલ તથા જયંતીભાઈ કોટડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ દિવ્યેશભાઈની ફોર વ્હીલમાં બેસી પોતાના ઘરે જતા હતા ત્યારે આરોપીઓએ એક સંપ થઈ ફોર વ્હીલ આડા ઉભા રહી ગયા હતા અને કારનો દરવાજો ખેંચી તેમને બહાર કાઢી અપશબ્દો કહ્યા હતા. ઉપરાંત કારના કાચ તોડી નુકસાન કર્યુ હતું તથા દિવ્યેશભાઈ સહિત અન્યને ઢીકાપાટુ માર્યા હતા અને જાનથી મારવાની ધમકી આપી હતી.

# નશામાં સર્પાકાર ટુ વ્હીલ ચલાવીને દેશી દારૂની હેરફેર કરતો યુવક પકડાયો

લીલીયા, તા.૦૫

લીલીયાની નીલગરા ચોકડી આગળથી પુંજાપાદર ગામ તરફ જવાના રસ્તેથી પાસ પરમીટ વગર કેફી પીણું પીને સર્પાકાર મોટર સાયકલ ચલાવતો તથા દેશી દારૂની હેરફેર કરતો યુવક પકડાયો હતો. સુખદેવભાઈ બિરમભાઈ કાટાત (ઉ.વ.૨૬) કેફી પીણું પીધેલી હાલતમાં સર્પાકાર વાહન ચલાવતાં તથા પ્લાસ્ટીકના કેનમાં ૨૫ લીટર દેશી દારૂ સાથે ઝડપાયો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ગૌતમભાઈ વલ્લભભાઈ ખુમાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ‘તું મને ગમતી નથી, તારા પિતાના ઘરે જતી રહે’ કહી પતિએ પત્નીને ત્રાસ આપ્યો

ધારીના નાગધ્રા ગામે બનાવ બન્યો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલાના પીઠવડી ગામે રહેતી એક યુવતીના લગ્ન ધારીના નાગધ્રા ગામના યુવક સાથે થયા હતા. લગ્નના થોડા સમય બાદ પતિએ પત્નીને તું મને ગમતી નથી, તારા પિતાના ઘરે જતી રહેજે, કહી મેણાટોણા માર્યા હતા. તેમજ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પિયર પીઠવડી ગામે આવીને પત્ની દયાબેન અતુલભાઈ દાફડા (ઉ.વ.૩૦) એ નાગધ્રા ગામે રહેતા પતિ અતુલભાઈ સોમાભાઈ દાફડા, રાહુલભાઈ સોમાભાઈ દાફડા, ત્રિવેણીબેન રાહુલભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. પતિએ તેમને તું મને ગમતી નથી, તારા પિતાના ઘરે જતી રહેજે તેમ કહી કરિયાવર બાબતે મેણા ટોણા માર્યા હતા. તેમજ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારીના શારીરિક માનસિક દુઃખત્રાસ આપી ચડામણી કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ પી વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના ગાધકડા ગામ પાસે ફોર વ્હીલ પલટી જતાં નાના ઝીંઝુડા ગામના પુરુષનું મોત

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી પરમારે વધુ તપાસ હાથ ધરી

સાવરકુંડલા, તા.૫

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત છે. સાવરકુંડલાના વિજયાનગરમાં રહેતા કાળુભાઈ હિરાભાઈ વીરાણી (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, તેઓ તથા નાના જીંજુડા ગામે રહેતા વલ્લભભાઈ મીઠાભાઈ પીપળીયા અને મનોજભાઈ દેવશીભાઈ ઉનાવા ત્રણેય વલ્લભભાઈની ફોર વ્હીલ લઈને વિજપડીથી નાના ઝીંઝુડા ગામે નીકળ્યા હતા. વલ્લભભાઈ કાર ચલાવતા હતા અને ગાધકડા ગામ પાસે આવેલા ખારસા હનુમાનજી મંદિર પાસે ગાડી પલ્ટી મારી ગઈ હતી. જેમાં વલ્લભભાઈનું મોત થયું હતું અને તેમને તથા મનોજભાઈને ઈજા પહોંચી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૭૬૭ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૬૧ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૫ | ૪૩૬ |
| તુવેર | ૧૫૦૦ | ૨૦૬૦ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૯૫૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૬૮૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૩૦ |
| વાલ દેશી | ૧૪૦૦ | ૨૧૨૦ |
| વાલ પાપડી | ૧૫૫૦ | ૨૧૦૦ |
| ચોળી | ૨૫૦૦ | ૩૨૬૬ |
| સીંગદાણા | ૧૩૯૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલી | ૨૦૫૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૭૯૧ | ૭૯૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૭૬ |
| અજમો | ૨૪૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૭૧ | ૯૧૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૨૦ |
| કાળા તલ | ૨૭૮૦ | ૩૭૫૦ |
| લસણ | ૩૫૨૦ | ૫૫૫૦ |
| ધાણા | ૧૧૬૫ | ૧૪૯૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૭૫ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૯૦૦ |
| રાય | ૧૧૧૦ | ૧૩૫૯ |
| મેથી | ૧૦૪૦ | ૧૪૩૦ |
| ઇસબગુલ | ૨૧૨૦ | ૨૧૬૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૪ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૨૦ | ૧૦૨૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૨૩૫૦ |
| બટેટા | ૩૨૫ | ૬૬૧ |
| ડુંગળીસુકી | ૩૬૦ | ૯૮૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૯૦૦ |
| દુધી | ૨૨૦ | ૪૩૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૦૦ |
| પરવળ | ૮૫૦ | ૧૨૫૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૨૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૩૦ | ૫૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૨૦૦ |
| ડુંગળીલીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૪૫૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૧૦૫૦ | ૧૫૩૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૭૦ | ૫૪૦ |
| રીંગણાં | ૨૫૦ | ૪૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરિયા | ૮૦૦ | ૧૨૦૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| આમળા | ૫૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૩૨૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૧૦૦ |
| મરચા લાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦૦ | ૮૪૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| લસણ સૂકું | ૫૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૧૦ | ૧૩૫૦ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૧૮૦ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૩૪૫ |
| તલ સફેદ | ૨૩૨૫ | ૩૩૩૦ |
| તલ કાશ્મીરી | ૩૩૧૦ | ૩૩૧૦ |
| બાજરો | ૪૧૧ | ૪૬૪ |
| જુવાર | ૭૩૬ | ૮૭૯ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૭૭ |
| ઘઉં લોકવન | ૫૪૮ | ૫૭૪ |
| ચણા | ૮૦૦ | ૧૫૭૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૮૨૨ |
| કપાસ | ૮૨૦ | ૧૬૧૦ |
| એરંડા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૨ |
| સોયાબીન | ૭૩૦ | ૮૯૦ |
| રજકાનું બી | ૪૦૧૦ | ૫૪૫૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૪૨ |
| મગફળી | ૯૧૭ | ૯૩૩ |
| મગ | ૧૪૩૦ | ૧૬૬૦ |
| અડદ | ૧૩૨૫ | ૧૫૦૫ |
| જીરૂ | ૪૧૯૦ | ૪૬૬૦ |
| ઘઉં | ૫૧૦ | ૬૦૦ |
| બાજરો | ૩૯૪ | ૪૧૬ |
| તલ સફેદ | ૨૨૪૦ | ૨૫૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૩૫ | ૧૫૪૮ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૪૯ | ૧૧૩૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૦૨ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૫૫૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૪૬ | ૬૨૦ |
| બાજરો | ૪૪૦ | ૫૦૧ |
| મકાઈ | ૫૫૧ | --- |
| ચણા | ૧૩૧૧ | ૧૫૩૧ |
| ધાણા | ૧૨૬૦ | --- |
| **ધારી** | | |
| કપાસ | ૮૫૧ | ૧૫૫૨ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| સોયાબીન | ૮૪૭ | ૮૪૭ |
| **કોડીનાર** | | |
| મગફળી | ૮૨૫ | ૧૧૮૪ |
| ઘઉં | ૪૭૦ | ૬૦૯ |
| બાજરી | ૪૨૧ | ૫૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૬ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૯૮ |
| જુવાર | ૬૩૦ | ૭૮૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૯૦ |
| અડદ | ૬૫૦ | ૧૬૭૨ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૭૦ | ૬૯૭ |
| બાજરી | ૪૪૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૪૪ |
| અડદ | ૧૨૫૫ | ૧૪૫૭ |
| મગ | ૧૪૯૬ | ૧૫૬૩ |
| સોયાબીન | ૮૪૪ | ૮૪૯ |
| ચણા | ૧૩૬૭ | ૧૩૬૭ |
| તલ | ૧૬૦૦ | ૨૪૭૦ |
| તુવેર | ૧૩૫૦ | ૨૧૧૧ |
| ડુંગળી | ૨૦૦ | ૯૦૭ |
| ડુંગળી સફેદ | ૨૬૧ | ૧૨૬૮ |
| નાળિયેર | ૭૦૨ | ૨૬૦૦ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૮૯ | ૧૫૪૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૨૨ |
| તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| બાજરો | ૪૮૩ | ૫૬૩ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૨૫ |
| જુવાર | ૭૦૦ | ૮૦૩ |
| મગ | ૧૩૨૭ | ૧૩૨૭ |
| તુવેર | ૧૯૦૧ | ૧૯૨૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૩૨૭ |
| અડદ | ૭૭૫ | ૧૫૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૨૧ | ૧૪૬૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૫૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૫ |
| એરંડી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ચણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૦૦ | ૧૬૫૦ |
| બાજરો | ૫૦૦ | ૭૩૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૨૫૦ | ૧૫૮૫ |
| ચોળી | ૫૦૦ | ૬૩૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૧૩૭૦ | ૧૪૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૧૫ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૭૭ |
| તલ | ૨૨૦૦ | ૨૫૬૦ |
| રાયડો | ૧૦૪૬ | ૧૧૪૬ |
| લસણ | ૨૦૦૦ | ૫૧૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૯૯૦ |
| અજમો | ૨૧૫૦ | ૨૯૭૦ |
| ધાણા | ૬૫૦ | ૧૩૯૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૯૦૦ |
| સીંગદાણા | ૧૦૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૪૬ |
| મગફળી જીણી | ૮૭૧ | ૧૪૬૧ |
| સિંગદાણા જાડા | ૧૦૫૦ | ૧૩૮૧ |
| એરંડા / એરંડી | ૮૫૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૯૯૧ |
| ધાણા | ૯૦૦ | ૧૭૧૧ |
| લસણ સુકું | ૧૪૭૧ | ૫૧૯૧ |
| લસણ સુકું | ૧૪૭૧ | ૫૧૯૧ |
| ડુંગળી લાલ | ૩૧૧ | ૯૪૧ |
| અડદ | ૧૧૫૧ | ૨૦૭૧ |
| મઠ | ૧૦૫૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૧૫૧ | ૨૦૭૧ |
| રાયડો | ૯૧૧ | ૯૬૧ |
| રાય | ૯૨૧ | ૧૩૬૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| મગફળી જાડી | ૬૮૧ | ૧૨૧૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૯૦૧ |
| તલ – તલી | ૧૮૦૧ | ૨૫૧૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૬૧ |
| બાજરો | ૪૨૧ | ૪૭૧ |
| જુવાર | ૫૦૦ | ૭૨૧ |
| મકાઇ | ૫૨૧ | ૬૮૧ |
| મગ | ૧૦૮૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૫૦૧ |
| વાલ | ૪૦૧ | ૧૯૭૬ |
| ચોળા / ચોળી | ૮૦૦ | ૩૧૭૬ |
| સોયાબીન | ૭૬૧ | ૮૩૧ |
| ગોગળી | ૫૦૦ | ૧૦૯૧ |
| મકાઇ | ૫૨૧ | ૬૮૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૧૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૪ |
| જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૦૧૦ | ૧૬૧૫ |
| મગફળી | ૭૦૦ | ૧૧૨૦ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૧૫૦૦ | ૨૩૯૦ |

# અલ અક્સામાં લાલ વાછરડી, ઑલિમ્પિકમાં ફિક્કો ઘોડો : સંકેત શું છે?

સમાચાર આમ તો જૂના છે, પરંતુ અત્યારે મધ્ય-પશ્ચિમમાં જે સ્થિતિ નિર્માણ થઈ છે તેના કારણે આ મહત્ત્વના છે. અને એ વખતે તે સમાચાર આવ્યા હશે તો પણ અંધશ્રદ્ધાના નામે ઘણાનું ધ્યાન નહીં પડ્યું હોય. સમાચાર એ છે કે ઈઝરાયેલમાં કથ્થાઈ રંગની વાછરડીનો જન્મ થયો. આ સમાચાર ૨૦૧૮ના છે. તે સમયે સ્વાભાવિક જ આટલી ગંભીર સ્થિતિ નહોતી તેથી કોઈને વાત ગળે ઉતરી ન હોય. ૨૦૧૮ના સમાચાર પ્રમાણે, ઈઝરાયેલમાં ૨૦૦૦ વર્ષમાં પહેલીવાર કથ્થાઈ રંગની વાછરડીનો જન્મ થયો. આમ તો તેને અંગ્રેજીમાં રેડ હેફર (Red Heifer) કહે છે, પરંતુ યહૂદી પંથની માન્યતા પ્રમાણે તે કથ્થાઈ રંગની લાલ હોવી જોઈએ. કથ્થાઈ વાછરડીનો જન્મ થયો તેમ નહીં, પરંતુ તે અવતરિત થઈ છે તેમ સમાચારમાં લખવામાં આવ્યું હતું. દૈવીય તત્ત્વ જન્મતું નથી, અવતરિત થતું હોય છે. સમાચારમાં જેરુસલેમના ટેમ્પલ ઈન્સ્ટિટ્યૂટે જણાવ્યું છે કે નવજાત વાછરડીનું ગહન પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તે સંપૂર્ણ પણે શાસ્ત્રોમાં જેવું વર્ણન કરાયું છે તેવી કથ્થાઈ વાછરડી છે કે નહીં. પરંતુ ૨૦૨૪નો એપ્રિલ આવતા-આવતાં ઈસ્લામિક દેશોમાં લોકોના ધબકારા વધવા લાગ્યા. કટ્ટર ઈસ્લામિક સમાચાર વેબસાઈટ જેના પત્રકારોને ઈઝરાયેલે લાત મારીને કાઢી મૂક્યા તે 'અલ જઝીરા' પર ગત ૯ એપ્રિલે 'What do Texan red heifers have to do with Al Aqsa and a Jewish temple?' શીર્ષક હેઠળ સમાચાર છપાયા તેમાં આ ભય સ્પષ્ટ દેખાઈ આવ્યો.

તેમાં લખવામાં આવ્યું હતું કે પાંચ અણિશુદ્ધ લાલ વાછરડી જે કોઈ પણ પ્રકારની ખામીવાળી નથી, જેણે ક્યારેય કામ નથી કર્યું, હજુ ગર્ભવતી નથી બની, જેને દોહવામાં નથી આવી અને યૉક (ધૂંસરી) નથી પહેર્યું. આ લાલ વાછરડીઓ બહુ જૂની વિધિ કરવા માટે અતિ રાષ્ટ્રવાદી યહૂદીઓ દ્વારા લાવવામાં આવી છે. તેઓ અલ અક્સા મસ્જિદનો નાશ કરવા માગે છે. પેલેસ્ટાઈનીઓને (મુસ્લિમોને) સદા ડર રહ્યો છે કે ઈઝરાયેલ ગમે ત્યારે આ અલ અક્સા મસ્જિદનું આધિપત્ય લઈ લેશે. ઈ. સ. ૧૯૬૭માં ઈઝરાયેલે પૂર્વ જેરુસલેમ, પશ્ચિમ કિનારો અને ગાઝાનું આધિપત્ય (તે લોકોના મત પ્રમાણે અવૈધ રીતે, પરંતુ વર્ષો પહેલાં યહૂદીઓ ત્યાં રહેતા જ હતા, મુસ્લિમોના આક્રમણથી તેમને ત્યાંથી ભાગવું પડ્યું હતું અને આખી દુનિયામાં તેમના પર ત્રાસ ગુજરાયા પછી ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્રએ તેમને પોતાની ભૂમિ પાછી રહેવા માટે આપી) લઈ લીધું તે પછીથી આ ભય વધુ ગાઢ બન્યો છે. એમાંય અલ અક્સા આજુબાજુ યહૂદીઓની વધતી જતી સંખ્યા અને ઈઝરાયેલી સુરક્ષા દળો દ્વારા તાજેતરનાં વર્ષોમાં પેલેસ્ટાઈનીઓ પરનાં આક્રમણોથી ભય ઓર વધી ગયો છે. યહૂદીઓની એક સંસ્થા છે – ટેમ્પલ ઈન્સ્ટિટ્યૂટ. તેના તર્ક પ્રમાણે, જ્યાં સુધી અલ- અક્સા મસ્જિદનો ધ્વંસ ન કરાય અને આ મંદિરમાં સેવા આપવા તત્પર સેંકડો પુરોહિતો દ્વારા પુષ્પોના હાર અને વાસણોની મદદથી આંગણું ચોખ્ખું ન કરાય ત્યાં સુધી ત્યાં ત્રીજું મંદિર બાંધી નહીં શકાય. આ શુદ્ધિકરણ બલિ આપેલ આ લાલ વાછરડીના અસ્થિ, લાલ દોરો, દેવદારનું વૃક્ષ, ફૂદીનાના પરિવારનો એક નાનકડો છોડ જેને હાઈસૂપ કહે છે તેના મિશ્રણ દ્વારા આંગણું શુદ્ધ કરવામાં આવે છે. આ શુદ્ધિકરણ ઓછામાં ઓછું સોએક વર્ષ સુધી પ્રભાવી રહે છે. તેમાં પવિત્ર ભૂગર્ભ જળ પણ મિશ્ર કરવામાં આવે છે. ટેમ્પલ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના ઈ. સ. ૧૯૮૭માં કરવામાં આવી ત્યારથી યહૂદીઓ લાલ અથવા તો કહો કે કથ્થાઈ વાછરડીની શોધ કરતા રહ્યા છે. એક વાર તો પૈસા એકત્ર કરીને આઈવીએફ દ્વારા તેને જન્માવાનો પ્રયાસ કરાયો અને તેની સાથે વિશ્વભરમાં તેને શોધવાનું અભિયાન આદરાયું હતું. ૨૦૨૨માં અમેરિકાના ટેક્સાસના એક ઈવાન્જેલિકલ ખેડૂતે પાંચ વાછરડી દાનમાં યહૂદીઓને આપી અને તેને વિમાન દ્વારા ઈઝરાયેલ લાવવામાં આવી. હવે, જીવતા પશુઓને આ રીતે બહાર મોકલી ન શકાય તેવો નિયમ છે. તેથી તેને પાળીતા પશુ તરીકે લાવવામાં આવી. સમાચારમાં એમ પણ લખાયું હતું કે ઑલિવ્સ પર્વત પર જમીનનો એક ટુકડો મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ત્યાંથી અલ અક્સા પરિસર દેખાય છે અને પુરોહિત વાછરડીની બલિ દીધા બાદ તેનું લોહી બાઈબલમાં જણાવ્યા પ્રમાણે, અલ અક્સામાં છાંટી શકશે. એક ઈઝરાયેલી સ્વૈચ્છિક સંસ્થા ઈર અમીમ મુજબ, ટેમ્પલ મૂવમેન્ટ ઈઝરાયેલી સરકારના સહયોગથી લાલ વાછરડીઓનું બલિદાન આપવા તૈયારી કરી રહી છે. ઈઝરાયેલી સરકારના જેરુસલેમ બાબતો અને વારસા મંત્રાલયના મહાનિર્દેશક નેતાનેલ ઈઝાકે સપ્ટેમ્બર ૨૦૨૨માં બેન ગુરિયોન વિમાન મથક પર આ લાલ વાછરડીઓના આગમન વખતે સ્વાગત કરતું ભાષણ આપ્યું હતું અને કહ્યું હતું કે મંત્રાલય ઑલિવ્સ પર્વતના વિકાસ માટે નાણાં આપી રહ્યું છે. આ તો થઈ ૨૦૨૨ની વાત, પરંતુ ૨૦૨૪ના જાન્યુઆરીમાં બોનેહ ઈઝરાયેલની વેબસાઈટ પર મૂકવામાં આવેલા વીડિયોમાં એક ખ્રિસ્તી ઉપદેશક માઈકલ સેમ્યુઅલ સ્મિથ જે ટેમ્પલ પ્રૉફેસી લાવવા માગે છે તેણે કહ્યું હતું કે તેઓ શિલોહમાં ઉછેરી રહ્યા છે તે લાલ વાછરડીઓ હવે બલિ આપી શકાય તેવડી વયની થઈ ગઈ છે. "૨,૦૦૦ વર્ષમાં પહેલી વાર લાલ વાછરડીઓ મળી છે અને અમારો મત છે કે પ્રથમ લાલ વાછરડીનું બલિદાન ૨૦૨૪ના વસંતમાં યહૂદીઓના પવિત્ર તહેવાર પાસઑવર આસપાસ અપાશે. અમે એવું માનીએ છીએ કે આ જે કાર્યક્રમ થશે તેના દ્વારા ઈશ્વર પોતાને બહાર લાવશે." આ તો થઈ એપ્રિલ ૨૦૨૪ની વાત. અલ જઝીરાએ એપ્રિલ ૨૦૨૪માં આ સમાચાર આપ્યા. તે પછી શું થયું? ભારતની એક ઈસ્લામિક સમાચારની વેબસાઈટ છે 'સિયાસત'. તેના પર ૮ ઑગસ્ટ ૨૦૨૪ના દિને મૂકાયેલા અહેવાલમાં જણાવાયું છે કે ઈઝરાયેલી યહૂદી લોકો અલ અક્સા મસ્જિદ પાસે લાલ



વાછરડીઓનો બલિ આપવાની તૈયારી કરી રહ્યા છે. આ જ પ્રકારનો અહેવાલ 'મિડલ ઈસ્ટ આય' નામની વેબસાઈટે પણ આપ્યો છે. હવે આખી વાત સમજીએ કે આ વિધિનું કેમ આટલું મહત્ત્વ છે?


વિચાર વલોણું



જયવંત પંડ્યા


વાસ્તવમાં ખ્રિસ્તી અને ઈસ્લામ પંથ યહૂદીમાંથી જ જન્મ્યા છે. ત્રણેયને અબ્રાહમિક પંથ કહેવામાં આવે છે. એટલે કે ખ્રિસ્તીના પિતા અને ઈસ્લામના દાદા યહૂદી છે. તાજેતરમાં લેબેનોનમાં રહીને ઈઝરાયેલ પર લેવાદેવા વગર આક્રમણ કરે રાખતા શિયા મુસ્લિમોના ત્રાસવાદી સંગઠન હિઝબુલ્લાના ત્રાસવાદીઓના પેજર, કારની બેટરી, સૌર યંત્રો, વૉકીટૉકીમાં બે દિવસ ઉપરાઉપરી ધડાકાઓ ઈઝરાયેલમાં બેઠાબેઠા કરાવીને ઈઝરાયેલે સાબિત કરી દીધું કે તમારા દાદા અમે છીએ કારણકે આપણે જાણીએ છીએ કે જિહાદી ત્રાસવાદીઓએ ભારતમાં આવા અનેક બૉમ્બ ધડાકા એક સાથે કર્યા હતા. તેઓ ઈઝરાયેલને પણ એટલા જ કવરાવે છે. સુખેથી જીવવા નથી દેતા યહૂદીઓને. એટલું જ નહીં, પણ લડાઈ પેલેસ્ટાઈનીઓ અને યહૂદીઓની છે, તેમાં શિયા મુસ્લિમોના આ ત્રાસવાદી સંગઠનને નહીં નહાવાના, નહીં નીચોવાના સંબંધ છતાં કૂદી પડ્યા. અને વળી અમેરિકાથી લઈને ભારત સુધી, મુસ્લિમો પેલેસ્ટાઈનીઓના સમર્થનમાં દેખાવો કરે. વળી, આલિયા ભટ્ટ જેવા ઉર્દૂવુડના કલાકારોને પણ ફરજ પાડે કે 'ઑલ આય્ઝ ઑન ગાઝા' હેશટૅગથી ટ્રેન્ડ ચલાવો, નહીં તો કલાજગતમાં કામ નહીં મળે. આજે સ્થિતિ ઈઝરાયેલે એવી કરી છે કે આ કલાકારોને સૂઝતું નથી કે 'ઑલ આય્ઝ ઑન ગાઝા' હેશટેગ ચલાવવો કે 'ઑલ આય્ઝ ઑન બૈરુત'. બૈરુત લેબેનોનનું પાટનગર છે જેમાં ઘૂસીને ઈઝરાયેલના સુરક્ષા દળો હિઝબુલ્લાના ત્રાસવાદીઓને શારીરિક રીતે પણ મારી રહ્યા છે. હવે ફરી લાલ વાછરડીની વાત કરીએ. યહૂદીઓના ગ્રંથને ઑલ્ડ ટેસ્ટામેન્ટ (મૂળ બાઈબલ અથવા ઈઝરાયેલની ભાષા હિબ્રૂ પરથી હિબ્રૂ બાઈબલ) કહેવાય છે. યહૂદીઓનું સોલોમન (તેના પરથી જ સુલેમાન અને સલમાન નામ આવ્યું) મંદિર હતું જેમાં બાર બળદની મૂર્તિ હતી. પ્રાચીન મેસોપૉટેમિયન પંથના નેબુચંડનેઝર દ્વિતીય નામના રાજાએ તેનો નાશ કરી નાખ્યો. આ સોલોમનના મંદિરને પ્રથમ મંદિર ગણવામાં આવે છે. તે પછી બીજું મંદિર બાંધવામાં આવ્યું. તેને મહાન હેરોડે વિસ્તાર્યું. તેથી તે હેરોડના મંદિર તરીકે પણ ઓળખાય છે. આ મંદિર યહૂદીઓની પૂજા, બલિ અને સામુદાયિક એકત્રીકરણ માટે મુખ્ય મંદિર હતું. રોમનોએ બીજા મંદિરનો નાશ કરી નાખ્યો. આથી યહૂદીઓ ફરીથી મંદિર બનાવવા માગે છે. આ મંદિર ત્રીજી વાર બનશે તેથી તેને ત્રીજા મંદિર (થર્ડ ટેમ્પલ) તરીકે ઓળખવામાં આવે છે. ખ્રિસ્તીઓમાં પેટા સંપ્રદાય એવાન્જેલિકલ પણ છે. તે આને વિશ્વનો અંત સમય માને છે. યહૂદીઓના મત મુજબ, લાલ વાછરડીનો જન્મ એટલે મસીહાનો જન્મ. મુસ્લિમો માને છે કે યહૂદીઓ આ પછી અલ અક્સા મસ્જિદનો નાશ કરી નાખશે. તેમની ભાષામાં શહીદ. અલ અક્સા મસ્જિદ મુસ્લિમો માટે મક્કા અને મદીના પછી ત્રીજું સૌથી પવિત્ર સ્થળ છે. અત્યાર સુધી ઈઝરાયેલ સરકારે અલ અક્સા મસ્જિદમાં યહૂદીઓ દ્વારા પ્રાર્થના કરવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. મુસ્લિમો માને છે કે મોહમ્મદ પયગંબર આ મસ્જિદના રસ્તે જ સ્વર્ગ (જન્નત) ગયા હતા. એટલે જ લાલ વાછરડીના મળવાથી ઈસ્લામિક જગત અદ્ધર શ્વાસે છે. હવે વાત કરીએ ફિક્કા ઘોડાની જેના કારણે ખ્રિસ્તી જગત અદ્ધર શ્વાસે છે. તાજેતરમાં પેરિસ ઑલિમ્પિક યોજાઈ. તેમાં ઉદ્ઘાટન અને સમાપન સમારંભો યોજાયા. સામાન્ય રીતે આવા સમારંભોમાં માત્ર મનોરંજન પીરસાતું હોય છે. પરંતુ આ વખતે આ સમારંભો સભ્ય સમાજ માટે અસભ્ય રહ્યા, કુટુંબ વ્યવસ્થાને નષ્ટ કરવાનું બીડું ઝડપનાર વિકૃત એલજીબીટીક્યૂ પ્લસ લોકોનો એજન્ડા તેમાં ઘૂસાડાયો. ઉદ્ઘાટન સમારંભમાં જિસસ ક્રાઈસ્ટ એટલે કે ઈશુ ખ્રિસ્તના લાસ્ટ સપર (છેલ્લું ભોજન)ની આ એલજીબીટીક્યૂના લોકો દ્વારા હાંસી ઉડાવવામાં આવી. આવું જો ઈસ્લામની માન્યતાઓ સાથે થયું હોત તો આ બધા લોકોના ધડ પર માથાં ન હોત, પરંતુ હવે ખ્રિસ્તીઓ હિન્દુઓની જેમ સહિષ્ણુ થઈ ગયા છે અથવા ડાબેરીઓએ તેમને શિક્ષણ, કલાજગત અને ન્યૂઝ મીડિયા દ્વારા કરી નાખ્યા છે. આ વિકૃત લોકો લાસ્ટ સપરની મિમિક્રી કરતા આવ્યા અને અંતમાં તેમણે આવા ત્રણ જણા સેક્સ કરતા હોય તેવું બતાવ્યું! ખ્રિસ્તીઓ માને છે કે આ લોકો હેડોમોનિઝમ સાથે સંકળાયેલા હતા. હેડોમોનિઝમ એવો વાદ છે જેમાં લોકો માને છે કે માત્ર અને માત્ર આનંદ કરો. કેટલાક ગુજરાતી બુદ્ધુજીવીઓ પણ આ પ્રકારના વિચારો ફેલાવવામાં લાગેલા છે. સમાપન સમારંભમાં 'ગૉલ્ડન વૉયેજર' અને સેમોથ્રેસ સ્ટેચ્યૂ બતાવવામાં આવ્યું. માથા વગરનો એક પાંખ વાળો દૂત આકાશમાં ઊંચે ઊડી રહ્યો છે જેને શેતાન સોનેરી પાંખોવાળું પક્ષી જોઈ રહ્યું છે તેવું બતાવવામાં આવ્યું. ખ્રિસ્તીઓ માને છે કે આ બધાનો શેતાન (કાચો ભાવાર્થ દુષ્ટાત્મા) સાથે સંબંધ છે. સોવિયેત સંઘ તરીકે સામ્યવાદીઓને જેને પંથથી દૂર રાખ્યું હતું તે રશિયાનાં વિદેશ પ્રધાન મારીયા ઝાખારોવાએ તો આનો કડક વિરોધ કર્યો કે "ઑલિમ્પિક રમતોમાં ઉદ્ઘાટન સમારંભ કરતાંય સમાપન સમારંભ બહુ જ ખરાબ હતો. તેમાં દેખીતી રીતે શેતાનિક બાબતો હતી." આ ઉપરાંત પેરિસ ઑલિમ્પિકના ઉદ્ઘાટન સમારંભમાં 'ફિક્કા' (પેલ) ઘોડા પર ઘોડેસવાર બતાવાયો. આ ફિક્કો ઘોડો પણ મૃત્યુનું પ્રતીક છે. બાઈબલમાં લખાયું છે, "અને મેં એક ફિક્કો ઘોડો જોયો, તેને પકડ્યો, તેના ઘોડેસવારનું નામ મૃત્યુ છે અને હેડેસ તેની પાછળ ગયો, તેમને પૃથ્વીના ચતુર્થાંશ ભાગની સત્તા આપવામાં આવી, તલવાર અને દુષ્કાળ, મહામારી અને વિકરાળ પશુઓ દ્વારા મારી નાખવા માટેની." લાલ વાછરડી, આ ગૉલ્ડન વૉયેજર અને સેમોથ્રેસ સ્ટેચ્યૂ, તેમજ ફિક્કા ઘોડાની બાબતો પણ દુનિયાનો અંત સમય હવે નજીક આવી ગયો છે તેનું પ્રતીક છે તેમ ઈસ્લામિક અને ખ્રિસ્તી પંથ માને છે. જો ઈઝરાયેલ પર હમાસ, હિઝબુલ્લા અને હનિયા-નસરલ્લાહની હત્યા પછી ઈરાને કરેલા મિસાઈલ આક્રમણ અને તેનો ઈઝરાયેલે આપેલો જડબાતોડ ઉત્તર કોઈ સંકેત હોય, યુક્રેઈન-રશિયા વચ્ચે યુદ્ધ કોઈ સંકેત હોય તો કદાચ, લાલ વાછરડી, ગૉલ્ડન વૉયેજર, સેમોથ્રેસ સ્ટેચ્યૂ અને ફિક્કા ઘોડાની માન્યતા સાચી હોઈ શકે છે. ■ jaywant.pandya@gmail.com

**૨૦૦૦ વર્ષમાં પહેલી વાર યહૂદીઓને પાંચ લાલ વાછરડીઓ મળી છે. મુસ્લિમો માને છે કે આ લાલ વાછરડીનું મળવું તેમના માટે અશુભ છે. તો પેરિસ ઓલિમ્પિકના ઉદ્ઘાટન અને સમાપન સમારંભમાં ગોલ્ડન વોયેજર અને ફિક્કા ઘોડાનો સંકેત દુનિયાનો અંત હોવાનું ખ્રિસ્તી પંથીઓ માને છે.**

# સાહેબ..! મોટામાં મોટી ભુલ કઈ ?


હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે

૯૫૭૪૩૭૪૪૫૩


(૧) તમે લગ્ન કરવા ગયા ત્યારે તમારું બીપી કેટલું હતું ?

મહેન્દ્ર મકવાણા (કરજણ)

લગ્નવિધિમાં ક્યાંય બીપી માપવાની વિધિ આવતી નથી.

(૨) એવો ક્યો ગ્રહ છે કે જે માણસ પર વધારે અસર કરે છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

દુરાગ્રહ.

(૩) સાહેબ..! મોટામાં મોટી ભુલ કઈ?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

મારી કે તમારી?!

(૪) તાજમહેલને આંસુની ઈમારત કેમ કહેવાય છે?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

બધું માની ન લેવાય. એમ તો એક બહેન એના પતિના ઘરને સાસુની ઈમારત કહે છે!

(૫) દારૂડિયો દારૂને પીવે છે કે દારૂ દારૂડિયાને પીવે છે?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

સ્થળ પર તપાસ કર્યા પછી કહું!

(૬) ઉભી કોલમમાંથી આડી કેમ થઈ ગઈ??

ડૉ.વિનોદ જાડા (જામનગર)

ઉભી હોય એ ગમે ત્યારે ચાલતી થઈ જાય. આડી થઈ એનો મતલબ એ કે હવે જામી ગઈ છે.

(૭) જેસલની જેમ આપણેય પાપ પ્રકાશી દઈએ તો આપણી તોરલ જીરવી શકે ?

કનુભાઈ પરમાર (દામનગર)

ટ્રાઈ કરી જુઓ અને જાહેર જનતાના લાભાર્થે આપના અનુભવો સોશ્યલ મીડિયામાં રજૂ કરો.

(૮) અંબાલાલ કાકાનો નંબર હોય તો એમને પૂછો ને કે હું છકડો વેચીને નાવડી લઈ લઉં?

મહેન્દ્ર મકવાણા (કરજણ)

એનો નંબર મળે તો મારે નાવડીની એજન્સી જ લઈ લેવી છે!

(૯) અત્યારે તમે વિદ્યાર્થીઓને સરકારી નોકરીની તૈયારી કરવા વધુ કહો છો કે બિઝનેસ કરવાનું કહો છો?

મીરાં મેતરા (સુખપુર)

હું કાંઈ કહું એ પહેલા વિદ્યાર્થીઓ કહી દે છે કે સાહેબ, અમે સરકારી નોકરી કરતાં કરતાં સાઈડમાં બિઝનેસ કરીશું!

(૧૦) અંબાલાલની આગાહી આટલી સાચી કઈ રીતે પડે છે?

કોબાડ ભગવાન એસ. (મોટા સરાકડિયા)

હું અંબાલાલને આગાહી કરવામાં છુપી રીતે મદદ કરું છું એવી તમને શંકા છે ને, હે ને?

(૧૧) આ ઈન્ટરનેટ ક્યાં બનતું હશે?

રાઠોડ અનિરુદ્ધસિંહ (નવા વાઘણીયા)

તમારે નેટ ટકતું ન હોય તો ચીનમાં બનતું હોવું જોઈએ.

(૧૨) અગાઉ હાસ્યાય નમઃ ઉભું આવતું હતું, હવે આડું કેમ આવે છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)

હમણાં સવાલ બહુ આડા આવે છે એટલે.

(૧૩) તમે કન્યા જોવા ગયા ત્યારે એમણે તમને કેવા સવાલ પૂછેલા?

સરદારખાન મલેક (મહેસાણા)

આ કોલમમાં પૂછાય છે એ સવાલો કરતા ગુણવત્તા સારી હતી!

(૧૪) માણસને સ્માર્ટ ફોનનું વળગાડ ક્યાં સુધી રહેશે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

આ સવાલ લખવા માટે તમે પણ સ્માર્ટ ફોનનો ઉપયોગ કર્યોને?!

(૧૫) માત્ર ને માત્ર ગાંડા પાસે જ વાહન ચલાવવાનું લાયસન્સ હોત તો?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ હાલ કેનેડા)

તો પગપાળા પ્રવાસ માટે પણ ડાહ્યા માણસોએ લાઈસન્સ લેવું પડત! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# યુદ્ધ – જે જીવતો રહી ગયો, એ સાચો છે


રાજકીય રસધાર



પ્રવીણ માધાણી


દરેક જમીનની તાસીર હોય છે. જમીન પોતાની જરૂરત મુજબ પ્રજા અને રાજા પેદા કરતી રહે છે. દુનિયાની દરેક ભાષામાં વતનની માટી માટે માતૃભૂમિ શબ્દ પ્રયોજાયો છે. વતન, મા ભોમ, મધરલેન્ડ, ફાધરલેન્ડ, માતૃભૂમિ, પિત્રુભુમિ, ધર્મભૂમિ, દેશ, સ્વભૂમિ, જન્મભૂમિ શબ્દપ્રયોગ ચાહે તે હોય, ભાવના દુનિયાના કોઈ ખૂણે સરખી જ છે. જયારે તમે ચારે બાજુથી ફેંકાઈ જાઓ છો, દુનિયા તમને જમીન પરથી ઉખેડી નાખે છે ત્યારે માતૃભૂમિ એક માત્ર આશરો રહે છે. અને જો માતૃભૂમિ કે પિતૃભૂમિ પરથી કોઈ હાંકી કાઢવા માંગે તો વિકલ્પ યુદ્ધ છે. જો એ જમીન પર રહેતા હો તો આક્રાન્તાનો મુકાબલો કરવો તમારી ફરજ છે.

સરહદો સળગતી હોય ત્યારે શાસક શાંતિના પારિતોષિક માટે પ્રયત્નો કે પ્રવૃત્તિ નથી કરી શકતો. અને જો એ એમ કરે તો તેને તાત્કાલિક સત્તા પરથી ઉતારી મુકવો જોઈએ. મહાકવિ રામધારીસિંહ દિનકરે પોતાની રચના કુરુક્ષેત્રમાં યુદ્ધ માટે પંક્તિઓની રચના કરી છે....

છીનતા હો સ્વત્વ કોઈ, ઔર તું તપ ત્યાગ સે કામ લે, યે પાપ હૈ ।

પુણ્ય હૈ વિચ્છિન્ન કર દેના ઉસે, બઢ રહા તેરી તરફ જો હાથ હો ।

બદ્ધ વિદલિત ઔર સાધનહીન કો હૈ ઉચિત અવલંબન અપની આહ કા;

ગિડગિડાકર કિન્તુ, માંગે ભીખ ક્યોં વહ પુરુષ, જિસકી ભુજા મે શક્તિ હો ?

યુદ્ધ કો તુમ નીંધ કહેતે હો મગર, જબ તલક હૈ ઉઠ રહી ચિંગારીયાં,

ભિન્ન સ્વાર્થો કે કુલિશ- સંઘર્ષ કી, યુદ્ધ તબ તક વિશ્વમેં અનિવાર્ય હૈ.

ઔર જો અનિવાર્ય હૈ ઉસકે લિયે, ખિન્ન યા પરિતૃપ્ત હોના વ્યર્થ હૈ

તું નહિ લડતા, ન લડતા, આગ યહ, ફૂટતી નિશ્ચય કિસી ભી વ્યાજ સે ।

બક્ષી બાબુએ લખ્યું હતું કે ભૂગોળ વિના ઈતિહાસ સંભવ નથી. પોતાની ભૂગોળ પ્રત્યે સભાન અને સજાગ પ્રજા જ ઈતિહાસ લખે છે. રાષ્ટ્રો અને માનવજાતિનું જીવન પણ ઈતિહાસનો જ વિષય છે. અને ઈતિહાસ એક આખી પ્રજાનો હોય છે. પ્રાચીન ઈતિહાસકારો એકલ દોકલ શાસકોનો ઈતિહાસ લખતા હતા. જો એ શાસકને જલેબી ભાવતી હોય તો ત્યારે આખી પ્રજા જલેબી ખાવાની શોખીન હતી એવું લખાઈ છપાઈ જતું હતું. એક ફ્રેંચ કહેવત છે કે ઈતિહાસ મૌત સામેનો સંઘર્ષ છે. આલ્બેર કામુ એ ડાયરી લખી હતી, યુદ્ધના અંતે પ્રશ્ન પૂછવામાં આવે છે કે આખરે કોણ સાચું હતું ? જવાબ બડો ક્રૂર છે... જે જીવતો રહ્યો એ.... એ હકીકત છે કે યુદ્ધ બાદનો જવાબ જે જીવતો રહી ગયો એ જ આપી શકે છે. અને એ ઈતિહાસે સાચો માનવો પડે છે. એટલે જ કહ્યું છે કે ઈતિહાસ વિજેતાના દ્રષ્ટિકોણથી લખાય છે. હારનારા કવિતા કરે છે. જેમ આપણે બાંસઠના યુદ્ધ બાદ કરી હતી. વર્લ્ડ જીઓ પોલીટીક્સમાં એક શબ્દ આવે છે, 'ફોલ્ટ લાઈન વોર.' જ્યાં સરહદો અને બે પ્રજાના આધિપત્ય કે સંસ્કૃતિ વચ્ચે સંઘર્ષ છે ત્યાં જે ઘર્ષણ છે તેને પ્રોફેસર હન્ટિંગટન પોતાના પુસ્તક 'ક્લેશ ઓફ સિવિલાઈઝેશન'માં તેને ફોલ્ટ લાઈન વોર તરીકે ઓળખાવે છે. આરબ, ઈઝરાયેલ, ભારત પાકિસ્તાન, સુદાનના ક્રિશ્ચિયનો અને મુસ્લિમો, શ્રીલંકાના બૌદ્ધો અને તમિલો, લેબેનોનની બહુમતી અને લઘુમતી તેના ઉદાહરણો છે. એમનું કહેવું છે કે આવા ઘર્ષણો કોઈ કુળ, આદિજાતિ, ધાર્મિક સંસ્થાઓ અને દેશો વચ્ચે ચાલતા રહ્યા હોવાનો ઈતિહાસ લાંબો છે. દરેક યુગમાં આ સંસ્કૃતિક અથડામણો જોવા મળે છે કારણ કે એ માણસની ઓળખ પ્રસ્થાપિત કરવામાંથી જન્મે છે. પ્રો. હન્ટિંગટન આગળ લખે છે કે જો આવું ઘર્ષણ બે દેશો વચ્ચે હોય તો એ દેશની અંદરના ઘર્ષણ કરતા છ ગણા વધારે સમય સુધી ચાલે છે. જો દેશો વચ્ચે આવો સંઘર્ષ ખુબ લાંબો ચાલે અને તેમાં હિંસાનું અને વિચારધારાની લડાઈનું ઘનત્વ વધુ હોય તો એવું જોવા મળ્યું છે કે આ સાંપ્રદાયિક યુદ્ધ બે જાતિ, ધર્મ કે ભાષા વચ્ચે થયું છે. અને જયારે ધર્મ બે સભ્યતાને જુદું પાડતું મુખ્ય પરિબળ હોય, ફોલ્ટ લાઈન વોર હમેશા બે અલગ ધર્મની પ્રજા વચ્ચે હોય છે.

મિડલ ઈસ્ટનું ઈઝરાયેલ અને અન્ય આરબ દેશોનું ઘર્ષણ આરબો અને જ્યુ પ્રજા વચ્ચેની સંસ્કૃતિક અથડામણ સાથે ભૌગોલિક પણ છે.

બંને વચ્ચે ચાર પાંચ લડાઈઓ થઈ ચુકી છે. ઈઝરાયેલને અમેરિકા અને મહદઅંશે યુરોપનું સમર્થન છે. આમાં પશ્ચિમ વિરુદ્ધ ઈસ્લામની થીયરી કામ કરી રહી છે. અમેરિકા અને યુરોપ ઈસ્લામનો ખતરો બરાબર પિછાણે છે. ૧૯૯૩-૯૪માં પચાસ વંશીય રાજનીતિક અથડામણો થઈ હતી. જેમાંથી છવ્વીસમાં મુસ્લિમ સામેલ હતા. જેમાંથી પંદર મુસ્લિમ અને બિન મુસ્લિમ વચ્ચે થઈ હતી. અને અગિયાર અલગ અલગ મુસ્લિમ ફિરકાઓ વચ્ચે થઈ હતી. (પીપલ્સ અગેઈન્સ્ટ સ્ટેટ – એથનો પોલીટીકલ

કોન્ફલિકટ એન્ડ ધ ચેન્જીંગ વર્ડ સીસ્ટમ – ટેડ રોબર્ટ ગુર) આધુનિક યુગના યુદ્ધોના કારણો પ્રાચીન જેવા જ છે. કદાચ ત્યારે ભૂગોળ મુખ્ય કારણ હતી. આજે ભૂગોળ સાથે ધર્મ અને ભૂગોળ સાથે રાજનીતિ ભળી છે. આ બંને કારણો આધારિત અથડામણો વિશ્વમાં સતત ચાલતી રહે છે. મહાકવિ દિનકરે કહ્યું છે.

એમ, જયારે કોઈ સ્વત્વ છીનવી રહ્યું હોય ત્યારે તપ ત્યાગથી કામ લેવું પાપ છે. તમારા તરફ વધી રહેલા હાથને કાપી નાખવો પુણ્ય છે. અને જેની ભુજાઓમાં તાકાત છે એ પુરુષ બીજા પાસે ભીખ માંગવા નથી જતો.

ક્વિક નોટ – હણે તેને હણવામાં પાપ નથી. ■

# શરદ ઋતુના આકાશ તળે જામી છે રાસની રમઝટ

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

વર્ષાઋતુ હવે વિદાય લેવાની તૈયારીમાં છે. જો કે આ વર્ષે જતા જતા પણ ચોમાસાએ છેલ્લા છેલ્લા ટહૂકા કરવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. આ વીતેલા સપ્તાહના વરસાદે તો અષાઢ અને શ્રાવણનેય ભૂલવાડી દે એવી મેઘધારાઓનો આપડા મલકને અભૂતપૂર્વ સાક્ષાત્કાર કરાવ્યો. એમાંય કેટલીક રાતના ગાજવીજઘેર્યા ભીષણ રંગરૂપ તો જોવા જેવા હતા. શું ગામ, પાદર કે સીમ... બધુંય અંધકારિયા જળમાં એકરૂપ. રામ ચરિત માનસમાં કિષ્કિંધા કાણ્ડમાં બરખાઋતુ પૂરી થયા પછી શરદ વર્ણન કરતી વખતે રામ પોતાના ભાઈ લક્ષ્મણને કહે છે, હે લક્ષ્મણ કહીં કહીં બૃષ્ટિ સારદી થોરી, કોઉ એક પાવ ભગતી જિમિ મોરી..... હે લક્ષ્મણ, શરદઋતુમાં જેમ ક્યાંક ક્યાંક જ વરસાદ હોય છે તે રીતે આ સંસારમાં મારી ભક્તિ તો કોઈને જ પ્રાપ્ત થાય છે. આસો મહિનાની શરૂઆત સાથે નવરાત્રીનો પ્રારંભ થાય છે. દુનિયા માટે કેટલાક વિશિષ્ટ અને લાંબા કહેવાતા તહેવારોની શ્રેણીમાં નવરાત્રી આવે છે. એક જમાનો હતો કે આપણે ત્યાં ગરબા અને ગરબી બંનેનો ભેદ હતો. નવયુવાનો ગરબી લે અને ગામની દીકરીઓ ગરબા લે. બંને પરિભાષા અલગ હતી.

આજે મહદ અંશે એક જ ગરબામાં બધું આવી જાય છે. કાળક્રમે સંસ્કૃતિ બદલાતી રહે છે. જુના મૂલ્યો અને પરંપરાઓ તો જ સચવાય છે, જો પ્રજાને એની ખેવના હોય. પરંતુ આપણી પ્રજાને ચમક-દમક અને ઠાઠ-ભપકાનું આકર્ષણ બહુ વધારે છે. એટલે પ્રાચીન વિશુદ્ધ પ્રણાલિકાને જાળવવામાં પ્રજા સંપૂર્ણ નિષ્ક્રિય છે. થોડી સંસ્થાઓ અને કેટલાક જૂના જોગીઓ એ જૂની પરંપરાને હજુ વળગી રહ્યા છે તે સારી બાબત છે, પરંતુ એ બહુ લાંબો સમય ટકી નહીં શકે એ પણ નિશ્ચિત છે. કારણ કે જેની પ્રજાને પડી ન હોય એ પાંદડા આગળ જતાં પીળા થઈને ખરી જાય છે.



લગભગ દરેક યુગમાં પડતી મૂકાતી પરંપરાઓ સામેના ઊહાપોહ હોય છે. એનું કારણ છે કે જૂની પેઢીને હંમેશા એમ લાગે છે કે વીસરાતી પરંપરા સાથે સંસ્કાર અને સંસ્કૃતિ પણ કાળની કેડીએ વહી જશે. આમ જુઓ તો છેલ્લા સો વરસમાં લગભગ બધું જ બદલાઈ ગયેલું છે. માણસ જાતનો મૂળભૂત સ્વભાવ નવું નવું અપનાવવાનો છે. એમાં એ વિવેકભાન ગુમાવે પણ છે પણ છેવટે તો જે યોગ્ય હોય તે ટકે છે. નવરાત્રીમાં દર વરસે ગીત અને સંગીતના અવનવા પ્રવાહો આવતા જ રહે. જે ન તો કોઈ વિદ્વાન અનુસાર હશે કે ન તો એની પાસે પસંદગીના કોઈ ચોક્કસ ધોરણ છે. ઉત્સવમાં પ્રજાને બસ મન મૂકીને જિંદગીને માનવામાં જ રસ હોય છે.

જે જમાનામાં ગામના ચોકમાં માતાજીની ગરબી પધરાવીને સ્ત્રીઓ રાસ ગરબા લેતી હતી ત્યારે એના એ પ્રકારના ટીકાકારો હતા. ત્યારેય દીકરી અને વહુને ગામના ચોકમાં રાસ ગરબા રમવા ન જવા દેવાવાળા પરિવારો પણ હતા. આજે એ જમાનો આપણને આદર્શ લાગે છે. કોઈપણ જમાનાને જેટલી ફૂટપટ્ટીથી માપો એટલે એની યોગ્યતા અને યોગ્યતા બદલાયા જ કરવાની એટલે ખરેખર તો પંડિતોએ આમાં પડવા જેવું નથી. હા એક વાત ખરી જ કે ગુજરાતી પ્રજાને પોતાની અસ્મિતાની કોઈ પરવા નથી કારણકે બાળક જન્મે ત્યારથી જ એને એના જેવા બનાવવાનું સપનું માતાના હાલરડામાં ગોઠવાયેલું હોય છે. વતનની માટીની મહેકનું સ્વાભિમાન બધાને તો કુદરત આપતી નથી કામગીરી માટે વાહન એટલે કે બુદ્ધિ આપવી પડે અને આપણા દેશમાં એની તો કટોકટી છે.

રાસ ગરબાના સંગીતમાં હવે ફ્યુઝન મ્યુઝિક આવી ગયું છે એમાં પૂર્વ અને પશ્ચિમના તાલ અને સ્વરો એકરૂપ થઈ ગયા છે છતાં ગુજરાતી પ્રજાએ હજુ પરંપરિત વેશભૂષાને પકડી રાખી છે. યુવકો અને યુવતીઓ બંને ગુજરાતની ગ્રામ્ય સંસ્કૃતિના વસ્ત્રો પરિધાન કરતી વખતે કેટલું બધું ગૌરવ અનુભવે છે કે આપણને એ વાતની ખાતરી છે કે હજુય સદીઓ સુધી આ કાઠિયાવાડી વસ્ત્રાલંકારો ટકી જવાના છે. એ રીતે પ્રજાને પરંપરામાંથી જે સાચવીને આગળ લઈ જવું હોય તે પોતાના જીવનમાં ધારણ કરશે અને જે છોડી દેવું હશે એ તરફ નહીં જુએ. નવરાત્રી કન્યાઓને સ્વતંત્રતા આપે છે અને સાથોસાથ એના સંસ્કારની કસોટી પણ કરે છે. નવરાત્રી આપણે ત્યાં બહુ લપસણી ભોમકા પર રમાય છે. જો કન્યાઓ ધ્યાન ન રાખે તો એમાં લપસી જવાનું જોખમ રહે છે.

માતાપિતા તો વિશ્વાસે ચાલતા હોય છે. પેરેન્ટનું કામ કંઈ પોલીસનું કામ નથી. રાસગરબે રમવા જતી દીકરીઓ એની સખીઓના વૃંદમાં ટોળે વળીને જતી હોય છે. કોઈ માતા કે પિતા માટે એ તો શક્ય નથી કે તેઓ એની સાથે સાથે ફરે. છતાં જો પોતાની જ શેરી કે મોહલ્લામાં કાર્યક્રમ હોય તો માતાપિતા સાથે હોય છે. પરંતુ સદાય તો એ સંભવ નથી. એક સમય આવે છે જ્યારે પરિવારે માત્ર પુત્રી પરના વિશ્વાસ પર જ આધાર રાખવો પડે છે. દુનિયાના દરેક પિતાને પોતાની દીકરી પર તો વિશ્વાસ હોય છે જ પરંતુ એને આ જમાના પર વિશ્વાસ નથી હોતો એટલે એમણે દીકરીને ક્યાંય પણ એકલા મોકલતા પહેલા ધ્યાન રાખવું પડે છે. હવેની નવરાત્રીઓમાં જે નવું સામાજિક જોખમ છે તે એક જ છે કે પોતાનો ખોટો પરિચય આપીને થર્ડ ક્લાસ કેટલાક યુવાનો ફર્સ્ટ ક્લાસ દેખાવ કરીને નવયુવાન કન્યાઓને પોતાની જાળમાં આબાદ ફસાવે છે. અને એમાં જ કેટલીક જુવાનજોધ દીકરીઓની જિંદગી તબાહ થઈ જાય છે. સમાજ આ બધું સારી રીતે જાણે છે પરંતુ નવરાત્રીની વેશભૂષામાં સજ્જ દુર્જનોને ઓળખી શકાતા નથી અને દીકરીઓને પણ રાસગરબા રમવા જવાની સાવ ના તો પાડી શકાતી નથી. શહેરોના પાર્ટી પ્લોટો કે જ્યાં નવરાત્રી સંપૂર્ણ કોમર્સિયલ અભિગમથી યોજાય છે ત્યાં આ જોખમ સહુથી વધુ છે અને ઘટનાઓ પણ સમાજના ધ્યાનમાં આવતી જ રહે છે છતાં પરિવારો નિરુપાય દેખાય છે.

કેટલાક સંનિષ્ઠ અને ચિંતાતુર લોકો જનકલ્યાણાર્થે આજકાલ સોશ્યલ મીડિયામાં ઝુંબેશ ચલાવે છે પરંતુ એમનો અવાજ ક્યાં સુધી પહોંચે તે પ્રશ્ન છે. જેને આપણે નવી જનરેશન કહીએ છીએ એને જ કોઈ પંડિતાઈભરી વાતોમાં રસ નથી. આમ પણ આ આખું જગત કંઈ માતાપિતાના અંકુશમાં તો નથી. સર્વશ્રેષ્ઠ અંકુશ તો સંસ્કાર જ છે. જે દંપતીએ પૂરતો સમય આપીને પોતાના સંતાનોના સંસ્કારોનું જાળવીને જતન કર્યું હોય તેઓ જ નચિંત અને નિશ્ચિંત રહી શકે. એ સિવાયના દંપતીઓએ તો ઉત્પાતયુક્ત ઉજાગરા કરવાના રહે છે. સંતાનો મોટા થાય પછી એમનામાં જે સંસ્કારોની ઘટ વરતાય એની પરિપૂર્તિ કંઈ હવે આ ભવમાં ન થઈ શકે. એ તો પછી એ જાતે જ ઠેબા ખાય અને છેતરાઈને પસ્તાય ત્યારે જ ભાન આવે. ને એવી ભાન પણ આવવી હોય તો આવે નહિતર ફરી નિતનવા ગોથાં ખાવાનો વારો આવે. ■

# જીમ્મીનું માઇન્ડ તર્કબધ્ધ ગણતરીઓ કરવા લાગ્યું

લઘુ-નવલકથા
યોગેશ પંડયા

જીમ્મીનું માઈન્ડ તર્કબધ્ધ ગણતરીઓ કરવા લાગ્યું : લેબોરેટરીમાં જતી વખતે જે માણસ મને ભટકાયો એ મને ક્રિમિનલ કેમ લાગ્યો ? તેની નજરમાં ખુન્નસ છવાયેલું હતું. પહેરેલી જર્સીની નીચે કમર ઉપર તેણે કશુંક છૂપાવ્યું હોય એમ કેમ લાગ્યું ? મે બી રિવોલ્વર પણ હોય. ત્રીજુ, કે જયારે પેલા પાસે લેબમાં ગયો ત્યારે લેબવાળો ચમકીને અને ગભરાઈને તેની સામે કેમ તાકતો રહ્યો હતો ? અને તેના હાથમાં સો સોની નોટોવાળુ દસ હજારનું બંડલ કેમ હતું




? જીમ્મીનું માઈન્ડ તેજ ગતિથી ચાલવા લાગ્યું : લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવા માટે કોઈ પેશન્ટ તો બેઠું નહોતું તો પછી આ બંડલ તેને આપ્યું કોણે ? શું પેલા દાઢીવાળાએ જ ? પણ દાઢીવાળો તો લૂંટી જાય એવો હતો તો પછી એ રૂપિયા આપે કે પછી લૂંટે ? જો આપે તો શેના માટે આપે ? બીજું, કે અનિતાએ તેને એક બે વાર કહ્યું હતું કે સૌ કોઈ સૂઈ ગયા હોય ત્યારે રવિના બાથરૂમમાં જાય છે. એકવાર ભર ઉંઘમાં હતી ત્યારે બાથરૂમનો દરવાજો ખખડયો અને તે જાગી ગઈ હતી. પછી રવિના ખાસ્સીવારે પાછી આવી હતી. તો આ બધી જ ધારણાનો સરવાળો ઉકેલવો પડે એવો છે. નહિંતર દિવસે દિવસે આ બધા સમીકરણો એ ઘરને ગૂંચવી દેશે. કહો કે ના કહો પરંતુ આ છોકરી ભેદી છે. કંઈક તો છે જે આ છોકરીની સાથે કનેકટેડ છે !

એ કોલેજ ગયો ત્યારે અનિતા તેને જ શોધતી હતી. એણે જેવો જીમ્મીને જોયો કે એનો હાથ પકડીને ગ્રાઉન્ડમાં રહેલા લીમડા નીચે લઈ ગઈ. ગઈકાલે રાતે ઘટી ગયેલી ઘટના એણે સવિસ્તર કહી સંભળાવ્યા પછી જીમ્મીએ તેને કહ્યું કે ગમે તેમ કર, પણ તેનો ફોન તારે કબજે કરી લેવાનો છે !

“આઈ વીલ ટ્રાય માય લેવલ બેસ્ટ...” ધડકતી છાતી સાથે એણે કમીટમેન્ટ કર્યુ. અવશપણે તેનો હાથ પોતાની છાતી ઉપર મૂકાઈ ગયો કે, જીમ્મીએ આંખ મિંચકારીને કહ્યું : “સ્ટોપ ઈટ જાનુ ત્યાં હાથ મૂકવાનો હક્ક મારો છે.”

“લૂચ્ચા નોટી.. એ બધુ પછી અત્યારે તો અહીંથી છેક પગની પાની સુધીની, આ શરીરની માલિકણ એક માત્ર હું છું !”

બન્ને જુવાન હૈયાં મસ્તી કરતા હતા અને બે ભૂખાળવી આંખો તેમને તાકી રહી હતી.

------

રાત તો અડધી વીતી ગઈ હતી. અર્જુને આંખો ખોલી. સાંજે વોટસએપ ઉપર ફરી પાછો પાંચ લાખ રૂપિયા આપવા માટેનો મેસેજ આવી ગયો હતો અને દિનપ્રતિદિન ધમકી આપવામાં વધારો થતો હતો. તેની અંદરના અર્જુને તો તેને કહ્યું : “જે કરવું હોય એ કરી લે. તું ડરીશ નહીં. જો ડર ગયા, સમજો મર ગયા. હવે તો ઘરમાં પણ બધાને ખબર પડી ગઈ છે કે રવિનાના પેટમાં જે બાળક છે એ તારૂં જ છે તો પછી ડરવાની શી જરૂર છે ?” પરંતુ બીજી ક્ષણે સિંહનું કાળજુ સસલાનું કાળજુ બની ગયું. મનમાં ડર હતો એ સપાટી ઉપર આવ્યો કે રવિનાના પેટમાં જે પલી રહ્યુ છે એ બાળકની બધાને વહેલી મોડી ખબર પડશે તે દિ' પોતે એ ભૂલ સ્વીકારી લેશે અને રવિનાને પત્ની તરીકે સ્વીકારી પણ લેશે પરંતુ તેની પહેલા રવિના સાથેના શરીર સંબંધોનો વીડિયો વાયરલ થયો, તો પોતે આખા સમાજમાં, કુટુંબમાં અને સર્વત્ર પણે બદનામ થઈ જશે. આ બદનામીનું વજુદ પોતાનો પૌરૂષ સહજ આવેગ જ હતો પણ એ વીડિયો પોતાને બદનામીના કયાં કયાં દર - બ - દર ઉપર ભટકાવી નાખશે, તેની કલ્પના પણ એટલી ભયાવહ હતી કે અર્જુન ઉપર એ ડર હવે હાવી થઈ ગયો હતો. હવે આવતીકાલની સાંજ, છેલ્લો વાયદો હતો અને દેવાના હતા પુરા પાંચ લાખ પણ આ વખતે તેણે પણ સામી ખુલ્લી ચેલેન્જ મારી હતી કે આ પાંચ હવે છેલ્લી વખતના આપુ છું. હવે ફરી વખત મારી પાસેથી કશું જ નહીં મળે અને જો હવે ત્રીજી વખત મને તેં કહ્યું તો હું આપઘાત કરી લઈશ !”

“તારે હજી જીવવાનું છે. તને એમ મરવા નહીં દઈએ !” સામે છેડેથી લાફટર ઈમેજીસ આવ્યાં હતા અને પછી હવામાં તરતા તરતા શબ્દોએ મોબાઈલમાં અક્ષરદેહ ધારણ કર્યો હતો. “એમ, સોનાના ઈંડા આપતી મરઘીને અમે મરવા થોડા દઈશું ? તો તો દુનિયામાં અમારી જેવા મૂરખ કોણ હોય ?” બાય ધ વે બચ્ચુ, યાદ રખ કલ સાંજ... વોહી ઠિકાના... વોહી વકત... ફિર એકબાર મુલાકાત હોંગી, મિલેંગે.

----

આજે સાડા છ વાગ્યે અનિતાનો ફોન જીમ્મીના ફોનમાં આવ્યો. અનિતા ગભરાયેલી લાગતી હતી કહેતી હતી કે ભાઈનો પતો નથી. દત્તા સાહેબે કહ્યું કે અર્જુનભાઈ તો સવારના આવ્યા જ નથી. અને હા, એમના રૂમમાં રહેલા કબાટની ચાવી ઓશિકા નીચેથી મળી જે સામાન્ય રીતે બાના પર્સમાં રહેતી હોય છે. અમે કબાટ ખોલ્યો તો અંદરથી મારા, મોટાભાભીના અને બાના જે થોડા ઘણાં ઘરેણા પડયા હતા એ પણ ગુમ છે. આપણે પોલીસ સ્ટેશન જઈએ દત્તા સાહેબને લઈને ! અને ઘરેણાની ફરિયાદ લખાવી દઈએ અને બાને ખૂબ ગભરામણ થાય છે. “ એક મિનિટ, એક મિનિટ....” જીમ્મીએ વાતને ધીરજથી લેતા કહ્યું : “ભાઈ નથી, ઘરેણાં પણ નથી મતલબ કે ઘરેણાં જ અર્જુનભાઈ પાસે હોય એવું બની શકે અને ચાવી તેમની જ બેડના ઓશિકા નીચેથી મળી. એનો મતલબ ઘરેણા એમણે લીધા છે ! ”

“પણ ભાઈ ઘરેણા શું કામ લે ? એવી શી જરૂર પડી ? ઘરેણાં કોઈને દેવાના પણ નથી કે નથી કોઈ પ્રસંગ આવતો કે જેને લીધે કોઈને મોકલવા પડે.”

“મતલબ કે દાલ મેં કુછ કાલા હૈ.” મનમાં ને મનમાં તર્ક બાંધતો જીમ્મી બબડયો : કોકડું વધુને વધુ ગૂંચવાતું જાય છે!!”

“જીમ્મી.... જીમ્મી.... પ્લીઝ કૈંક બોલ મને ડર લાગે છે. ઘરેણાં તો ઠીક પણ ભાઈ કયાં ગયો હશે ?”

“એ ચિંતા ન કર. તું અત્યારે દત્તા સાહેબને પૂરી વિગતથી વાકેફ કર. હું મારી રીતે ટ્રાય કરૂ છું પણ તું ચિંતા નહી કરતી. એક ન એક દિન દૂધનું દૂધ અને પાણીનું પાણી ન કરી નાખું તો હું જીમ્મી નહીં !!” અનિતાએ દત્તાને ફોન જોડયો અને જીમ્મી વિચારતો થઈ ગયો કે અર્જુનસર વગર બુલેટ કે બાઈકે ગયા કયાં ? તેણે તેના મિત્ર જીગરને ફોન કર્યો. અંધારૂ ઉતરવા લાગ્યું કે, તે અને જીગર પેલા રાજમહેલ આગળ સંતાઈ ગયા તેને હતું કે રાજમહેલની હવા કશુંક કહી રહી છે કે, કશુંક તો બનવું જોઈએ. બરાબર એજ ટાણે આઝમગઢથી આવતા રસ્તામાં, રાજમહેલથી થોડે દૂર રહેલા ભૂતિયા નાળે, અર્જુન ટ્રકમાંથી ઉતરી ગયો અને ધીમે ધીમે ચાલતો રાજમહેલ પાસે, આવીને ઊભો રહ્યો. એ માનવ આકૃતિ જોઈને જીમ્મી ચમકયો. એણે એ માનવ આકૃતિને ઓળખવાનો પ્રયત્ન કર્યો. ધીમે ધીમે એ અને જીગર, બિલ્લી પગે એ માનવ આકૃતિની થોડે પાછળ આવીને ઊભા રહ્યા તો એ માનવ આકૃતિની હરકત અને શરીરના હલનચલન પરથી પાક્કુ થઈ ગયું કે એ અર્જુન જ હતો. પણ અર્જુનભાઈ અહીંયા અત્યારે શું કામ ? એક વીજળી'ક વિચાર તેના શરીરમાંથી પસાર થઈ ગયો પણ તેમ કરવા જતા કદાચ બાજી બગડે એમ હતું. એટલે હવે પછી શું થાય છે ? એ જોવા તેઓ અધ્ધર શ્વાસે તાકતા રહ્યા કે પંદરેક મિનિટ પછી એક જીપ આવી મોટો ચકરાવો લેતી પાછળની સાઈડેથી પ્રવેશી, એ તો સારૂં થયું કે, જીગરનું ધ્યાન ગયું. એણે ઈશારો કર્યો કે બન્ને દોડીને ગ્રાઉન્ડમાં રહેલા એક આઉટ-હાઉસના ખંડેર પાછળ છુપાઈ ગયા. જીપ અર્જુનની પડખે થઈને આગળ જતી રહી... (ક્રમશઃ) ■

# અંધકાર ભરેલી રાતોનું મૌન હંમેશા મૌન હોતું પણ નથી




ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

અંધાર કે અંધારૂં નામ જ ડરામણું લાગે છે. આ નામ માત્રથી ભય ઉદ્‌ભવે. આમ જોઈએ તો સ્ત્રીજાત, છોકરીઓ આવા અંધારાથી ખૂબ જ ડરતી હોય છે પરંતુ એ જ અંધારૂં, એ જ અંધકાર કોઈ એક ખાસ પ્રકારના આશયને સિધ્ધ કરવા માટે ખૂબ જ ખૂબ વહાલું લાગે છે. જરા પણ ડર લાગતો નથી ને અત્યારનું, આજની રાતનું આ અંધારૂં જ્યોતિને પણ ખૂબ ખૂબ ગમ્યું.

એક યુવાન શિક્ષક અને એક યુવાન યુવતી એવી શિક્ષિકા... એક જ રૂમમાં.... અલગ અલગ પલંગ પર, આવા અંધકાર ભર્યા શાંત વાતાવરણમાં માત્ર આડા પડયાં હતા. ઘણી રખડપટ્ટીથી થાક તો લાગ્યો જ હતો. તોપણ જ્યોતિએ શાંત વાતાવરણ ડહોળતા દામલને પૂછ્યું : “તારે પાણી પીવું છે ?”

“તરસ તો લાગી છે, પણ આ અંધારામાં....” દામલે જવાબ અપ્યો ત્યાં તો :

“ચિંતા ન કર. મારી પાસે મારા હાથમાં જ પાણીની બોટલ છે.

“પરંતુ.... મારે ત્યાં સુધી આવવું કેમ ? આ અંધારૂં....”

“એક કામ કર દામલ, પહેલાં લાઈટ ચાલુ કર...”

દામલે આમતેમ ફાંફા મારી સ્વિચ બોર્ડ સુધી પહોંચી લાઈટ ચાલુ કરી. અજવાળું થતા... હવે દામલ જ્યોતિ પાસે પહોંચ્યો. જ્યોતિના હાથમાંથી પાણીની બોટલ લઈ તેણે પાણી પી લીધું. ત્યાં તો વળી જ્યોતિએ કહ્યું :

“થાક છે છતાં આખી રાત ઊંઘ નહીં આવે એમ મને લાગે છે. એક કામ કર દામલ, તારો પલંગ ખેંચી લઈ મારા પલંગ પાસે લગોલગ રાખી દે. આમ કરવાથી ડર પણ નહીં લાગે ને ઊંઘ પણ આવી જશે...”

“તારી વાત સાચી છે પણ...” દામલ બોલ્યો.

“પણ બણ કશું નહીં. ચાલ...” એમ બોલી જ્યોતિ ઝડપથી ઊભી થઈ અને દામલના પલંગ પાસે પહોંચી ગઈ. પછી પલંગને ખેંચી લાવી, તેના પલંગ સાથે ચીપકાવીને રાખ્યા પછી બોલી : “બસ...! આમાં શું...? હવે તું નિરાંતે.... ”

વળી દામલ ચાલ્યો ને ફરીથી લાઈટ બંધ કરી પાછો તેના પલંગમાં આડો પડયો. થોડીવાર શાંત રહ્યા પછી દામલ એમ જ બોલ્યો : “આ સાલુ અંધારૂં સારૂં નહીં. સારૂં છે તું તો મને ઓળખે છે નહીંતર....”

“એમાં શું ? જાણી જોઈને થોડું આપણે....” જ્યોતિ આગળ ન બોલી.

થોડીવાર ફરી શાંતિ રહી. પંદરેક મિનિટ પછી જ્યોતિ વળી બોલી “દામલ, તું જાગે છે ?”

“જાગુ જ છું બોલ, શું છે ?”

“આવી અજાણી જગ્યા અને આવા અંધકારમાં મને ડર લાગે છે. ઊંઘ નહીં આવે તો...?”

“કોશિશ કર, ઊંઘ આવી જશે. બીજું હું શું કરૂં ?”

આખા રૂમને અંધકાર ગળી ગયો હતો. ને આવા સમયે તદન નજીક નજીક રહેલા પલંગ પર બે યુવાન દેહ પરાણે ઊંઘવાની કોશિશ કરી રહ્યા હતા. પરંતુ બન્નેની અંદરૂની ઈચ્છા કોણ પારખી શકે ? કહેવાય છે કે, યુવાન દેહ ભૂખ્યો થાય તો કંઈક તો ઝંખે જ ! યુવાન દેહમાં આમંત્રણ વગર જાતિયતા ઊભરે છે અને આવેગ પેદા કરે છે એવા એ આવેગમાં કોઈપણ કારણ વગર ન થવાનું થઈ પણ શકે છે....!

અંધકારનો રંગ કાળો હોય છે. કાળા રંગમાં બીજો કોઈ રંગ ઝડપથી ભળી શકતો નથી. આ તો બધા જ જાણતા હોય છે. તો અત્યારે આવા અંધકારમાં બાજુમાં શું છે તેની પરખ પણ થઈ શકે નહીં તેવી સ્થિતિ હતી. હા, પલંગ જુદા જુદા હતા પણ તદન નજીક નજીક અને એવા એ પલંગમાં જ્યોતિ અને દામલ લાંબા થયા હતા.

પોતાને કશું નુકસાન ન કરી શકે, તે તો કેવળ પોતાના અંધકારની મહત્તા ગાઈને સંતોષ માને છે. પરંતુ વિચાર, વિવેક, વાણી અને આચરણમાં અંધાપો આવે તો શું થાય ? આવો અંધાપો દૂર કરવો ખૂબ જ મુશ્કેલ હોય છે, અઘરો હોય છે. આવા અંધાપાએ તો ખૂબ ખૂબ ખાનાખરાબી સર્જી છે, અનેક વ્યથાઓને તેણે જન્મ આપ્યો છે, લોહીની નદીઓ વહેવડાવી છે એટલે અંધકારના ફરજંદ પણ જબરા હોય છે.

આપણે જાણીએ છીએ કે, ઊંઘતા માણસને જગાડી શકાય છે, પરંતુ જે જાગવા જ નથી માંગતા તેને જગાડે કોણ ? તેથી તો વિચારોના અંધારામાં બીજા કશા સારા વિચારો પણ ન જ આવે....

પરંતુ જે વ્યક્તિ પ્રકાશ જોઈ શકે છે તે અંધકારને પણ જોઈ જ શકે વળી આવી અંધકાર ભરેલી રાતોનું મૌન હંમેશા મૌન હોતું પણ નથી. એટલે જ આવા અંધકારને સર્જનનો પાયો કહ્યો છે.

આવા જ કોઈ સર્જનનો મજબૂત પાયો નાંખવા માટે અંધકારની આડસમાં બે વિજાતીય માનવ દેહ ધીમે ધીમે નજીક નજીક સરી રહ્યા હતા. ત્યારે સાવ કાચો અને કુંવારો એવો દામલ... જ્યોતિ દ્વારા કરવામાં આવેલા પેલા ચુંબનને યાદ કરી રહ્યો હતો.

આમ જોઈએ તો એકાંત અને અંધકારમાં ગમતીલા વિચારો વગર પ્રકાશે નજર સામે દેખાવા લાગે છે. આવુ જ દ્રશ્ય અત્યારે દામલને નજરે દેખાયું. જ્યોતિ અત્યારે પણ તેના હોઠ પર ચુંબન કરતી નજરે દેખાઈ. આવું દ્રશ્ય જોતાની સાથે દામલના શરીરમાં ગરમ ગરમ લોહી જાણે દોડવા જ લાગ્યું.

અંધકાર એટલે અંધારૂં, અંધાપો ગોટાળો, અવ્યવસ્થા, અપ્રસિધ્ધિ અને નિસ્તેજપણું પણ કહી શકાય. આવા જ કોઈ ગોટાળા થકી, થોડી અવ્યવસ્થા થકી આવા અંધારામાં ખુલ્લી આંખે દામલ અને ખુલ્લી આંખે જ્યોતિ પલંગમાં પડયા હતા. બંનેના શ્વાસોશ્વાસ તીવ્ર ગતિએ ચાલતા હતા. ખૂબ જ નજીક હોવા છતાં ઊંઘ તો આવવાની જ નહતી. સમય વીતતો ચાલ્યો. અર્ધો કલાક પછી દામલ ધીમેથી બોલ્યો : “જ્યોતિ...., એય... જ્યોતિ...”

(ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# રાજયની ગૌશાળા, પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચુકવણી કરાઈ

ગાંધીનગર,તા.૦૫

મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ માટે રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૨.૬૧ લાખથી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૧.૨૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આટલું જ નહિ, વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા તબક્કા માટે



એટલે કે, જુલાઈ-૨૦૨૪ થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઈન અરજી કરી શકે તેવા આશય સાથે આગામી તા. ૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા પશુપાલન વિભાગ હેઠળના ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કોંગ્રેસ યુવાઓને ડ્રગ્સ તરફ ધકેલીને કમાયેલા નાણાથી ચૂંટણી લડવા માંગે છે : વડાપ્રધાન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રની એક દિવસીય મુલાકાતે છે. શનિવારે સવારે નાંદેડ એરપોર્ટ પર બીજેપી નેતા અશોક ચવ્હાણે તેમનું સ્વાગત કર્યું હતું. અહીંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા પોહરાદેવી ગયા હતા. પોહરાદેવી પહોંચ્યા બાદ તેમણે જગદંબા માતાના મંદિરે પૂજા અર્ચના કરી હતી. પીએમ મોદીએ પોહરાદેવીમાં સંત સેવાલાલ મહારાજ અને સંત રામરાવ મહારાજની સમાધિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને બંજારા હેરિટેજ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યું.

આ પછી પીએમ મોદીએ અહીં એક રેલીને પણ સંબોધિત કરી હતી. બંજારા સમુદાયને સંબોધતા તેમણે કહ્યું કે મોદી તેમની પૂજા કરે છે જેમના વિશે કોઈ પૂછતું નથી. પીએમ મોદીએ કોંગ્રેસને જોરદાર શ્રાપ આપ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસમાં શહેરી



નક્સલવાદીઓનું શાસન છે. તેમને લાગે છે કે જો આપણે બધા એક થઈશું તો દેશના ભાગલા પાડવાનો તેમનો એજન્ડા નિષ્ફળ જશે. દરેક વ્યક્તિ જોઈ શકે છે કે જેઓ ભારત માટે સારા ઈરાદા નથી ધરાવતા તેમની સાથે કોંગ્રેસ કેટલી નજીકથી ઉભી છે.

પીએમ મોદીએ એમ પણ કહ્યું કે તાજેતરમાં જ દિલ્હીમાં હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે. કોંગ્રેસના એક નેતા તેના નેતા હોવાની શંકા છે. કોંગ્રેસ યુવાનોને ડ્રગ્સ તરફ ધકેલીને કમાયેલા પૈસાથી ચૂંટણી લડવા માંગે છે. આપણે આવા એજન્ડાથી સાવધ રહેવું જોઈએ.

# મણિપુર પોલીસ સહિતની ટીમે હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કર્યા

ઈમ્ફાલ,તા.૦૪



મણિપુર પોલીસ અને આસામ રાઈફલ્સની સંયુક્ત ટીમે મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં ખેંગમોલ પહાડીઓ પર સર્ચ ઓપરેશન દરમિયાન હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે. શનિવારે મણિપુર પોલીસ અને આસામ રાઈફલ્સની સંયુક્ત ટીમે મણિપુરના ચુરાચંદપુર જિલ્લામાં ખેંગમોલ ટેકરી પર સર્ચ ઓપરેશન દરમિયાન હથિયારો અને વિસ્ફોટકો જપ્ત કર્યા છે. શનિવારે એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે સંયુક્ત ટીમે શુક્રવારે એક ટીયર ગેસ ગન, એક દેશી ૯ એમએમ પિસ્તોલ, ૧૨ બોરની એક બેરલ ગન, ૧૩ મોર્ટાર અને પાંચ હેવી બંદૂક જપ્ત કરી છે.

# હું ભારત માટે ત્યાં જઈશ, પાકિસ્તાન સાથે સબંધો પર ચર્ચા કરવા નહી : એસ. જયશંકર

**વિદેશ મંત્રીની સાથે પ્રતિનિધીમંડળ પણ પાકિસ્તાન જશે**

ન્યુ દિલ્હી,તા.૦૫

વિદેશ મંત્રી એસ જયશંકર ૧૫-૧૬ ઓક્ટોબરે પાકિસ્તાન જશે. આ દરમિયાન તેઓ ઈસ્લામાબાદમાં SCO હેડ ઓફ ગવર્નમેન્ટ (CHG)ની બેઠકમાં ભાગ લેશે. ૯ વર્ષમાં આ પ્રથમ વખત બનશે જ્યારે કોઈ ભારતીય મંત્રી પાકિસ્તાનની મુલાકાત લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાકિસ્તાને ૨૯ ઓગસ્ટે SCOની બેઠક માટે આમંત્રણ આપ્યું હતું. આ બેઠકને લઈને વિદેશ મંત્રી એસ જયશંકરે મોટું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેમની પાકિસ્તાનની મુલાકાત પર આ વાત કહી હતી. હું ત્યાં ભારત માટે



આવીશ.'' -પાકિસ્તાન સંબંધો પર ચર્ચા કરવા જઈશ નહીં. SCOના સારા સભ્ય તરીકે, તમે જાણો છો કે હું એક નમ્ર અને સંસ્કારી વ્યક્તિ છું, તેથી હું તે મુજબ વર્તન કરીશ. ઈસ્લામાબાદ પહોંચીને, દેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું. વિદેશ મંત્રી જયશંકરની પાકિસ્તાન મુલાકાત વિશે, ''વિદેશ મંત્રી જયશંકર ઈસ્લામાબાદમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેમની સાથે એક પ્રતિનિધિમંડળ પણ જશે.''

# મધ્યપ્રદેશમાં સીએમ હેલ્પલાઈનના દુરુપયોગ સામે સરકારની લાલઆંખ

જયપુર,તા.૦૪

મધ્યપ્રદેશમાં ડો.મોહન યાદવ સરકારે સીએમ હેલ્પલાઈનનો દુરુપયોગ કરનારાઓની ઓળખ કરવાનો આદેશ જારી કર્યો છે. મુખ્યમંત્રી ડો. મોહન યાદવે કહ્યું કે આ એક ઉપયોગી પ્લેટફોર્મ છે પરંતુ તેનો દુરુપયોગ કરનારાઓનું પણ ભલું થતું નથી. હવે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે, પબ્લિક સર્વિસ મેનેજમેન્ટના પ્રિન્સિપલ સેક્રેટરી રાઘવેન્દ્ર



સિંહના જણાવ્યા અનુસાર, રાજ્યના નાગરિકોની ઘણી સમસ્યાઓનું નિરાકરણ સીએમ હેલ્પલાઈન દ્વારા કરવામાં આવી રહ્યું છે. સીએમ હેલ્પલાઈન પર દરરોજ ૬૦,૦૦૦ કોલ્સ આવે છે.

# ઈન્ડિગો એરલાઈન્સની સિસ્ટમ બંધ થતા મુસાફરો એરપોર્ટ પર ફસાયા

મુંબઈ, તા.૦૫

ઈન્ડિગો એરલાઈન્સની સિસ્ટમ શનિવારે અચાનક ઠપ્પ થઈ ગઈ હતી. જેના કારણે મુસાફરો દેશભરના અલગ-અલગ એરપોર્ટ પર ફસાયેલા છે. મુસાફરોએ ડીજીસીએને મદદ માટે અપીલ કરી છે. આ સંકટ સવારે ૧૨.૩૦ વાગ્યે શરૂ થયું હતું. જેના કારણે માત્ર ફ્લાઈટ્સ જ ઉડાન ભરી શકતી નથી પરંતુ ગ્રાઉન્ડ સર્વિસ પણ બંધ થઈ ગઈ છે. જેના કારણે મુસાફરો





પરેશાન થઈ રહ્યા છે. ઈન્ડિગો એરલાઈન્સે આ સમસ્યા માટે મુસાફરોની માફી માંગી છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઘણા મુસાફરોએ તેમની સમસ્યાઓ વિશે લખ્યું છે. આ ટેકનિકલ સમસ્યાને કારણે મુસાફરો ન તો ફ્લાઈટમાં બેસી શકે છે કે ન તો ટિકિટ બુક કરી શકે છે. મુસાફરીમાં વિલંબના કારણે મુસાફરો એરપોર્ટ પર ફસાયા છે અને નિરાશ થયા છે. ઈન્ડિગોએ લખ્યું છે કે અમારા નેટવર્કમાં એક નાની સમસ્યા આવી છે. આ કારણે ઈન્ડિગોની વેબસાઈટ અને બુકિંગ સિસ્ટમ કામ કરી રહી નથી. જેના કારણે ગ્રાહકે ચેક ઈન કરવા માટે લાંબો સમય રાહ જોવી પડી શકે છે. અમારી ટીમ તેને ઠીક કરવામાં વ્યસ્ત છે. અસુવિધા બદલ અમે દિલગીર છીએ. અમે શક્ય તેટલી વહેલી તકે પરિસ્થિતિને સુધારીશું.

# છત્તીસગઢના નારાયણપુરા-દંતેવાડા બોર્ડર પર થયેલી અથડામણમાં ૩૧ નક્સલીઓને ઠાર મરાયા

(એ.આર.એલ),દંતેવાડા,તા.૫

છત્તીસગઢમાં નારાયણપુર-દંતેવાડા બોર્ડર પર માડ વિસ્તારમાં એન્કાઉન્ટર બાદ ૩૧ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. શુક્રવારે (૪ ઓક્ટોબર)ના રોજ અહીં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ દરમિયાન ડીઆરજીનો એક જવાન ઘાયલ થયો હતો. જોકે તેની હાલત ખતરાની બહાર છે. સર્ચ ઓપરેશન ચાલુ છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ



અને ડીઆરજીના વધારાના સુરક્ષા જવાનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. એલએમજી રાઈફલ, એકે ૪૭ રાઈફલ, એસએલઆર રાઈફલ, ઈન્સાસ રાઈફલ, કેલિબર ૩૦૩ રાઈફલ અને અન્ય હથિયારો મળી આવ્યા છે. બસ્તરના આઈજી પી સુંદરરાજે કહ્યું કે સુરક્ષા દળોએ શનિવારે સવારે એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા અન્ય ત્રણ નક્સલવાદીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા. શુક્રવારે અબુઝહમદ વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૧૫૫ /૨૦૨૪

અરજદાર: શ્રી વીઠલભાઈ જીવાભાઈ વેકરીયા
સરનામુ: મું. ખાલસા કંથારીયા, તા. જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, ખાલસા કંથારીયા
મું. ખાલસા કંથારીયા તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારીયા** ગામના **શ્રી વીઠલભાઈ જીવાભાઈ વેકરીયા** એ તેમના **પુત્ર નામે શ્રી રાજુભાઈ વીઠલભાઈ વેકરીયા નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૮૫ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી બી.આર. સીંધવ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૧૭૦ /૨૦૨૪

અરજદાર: શ્રી ભાણાભાઈ બાબુભાઈ ગોહિલ
સરનામુ: મું. બલાણા, તા. જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, બલાણા
મું. બલાણા તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના **શ્રી ભાણાભાઈ બાબુભાઈ ગોહિલ** એ તેમના **પુત્ર નામે શ્રી વનરાજભાઈ ભાણાભાઈ ગોહિલ નો જન્મ** તા.૦૧/૦૬/૨૦૦૪ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં. ૧૭૧ /૨૦૨૪

અરજદાર: શ્રી અરજણભાઈ મેઘાભાઈ ઢીસાત
સરનામુ: મું. બલાણા, તા. જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, બલાણા
મું. બલાણા તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના **શ્રી અરજણભાઈ મેઘાભાઈ ઢીસાત** એ તેમના **માતા નામે સ્વ.શ્રી વાલીબેન મેઘાભાઈ ઢીસાત નું મરણ** તા.૨૯/૦૭/૨૦૦૮ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં

અરજી નં.૩૮/૨૦૨૪
જ.તા.૧૦/૦૩/૨૦૧૦

**પ્રતિ:**
શ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા .......અરજદાર
રહે.જામવાળા, તાલુકો- ગીર ગઢડા, જિલ્લો. ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
જામવાળા, તાલુકો- ગીરગઢડા, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા, રહે. જામવાળા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી શ્રીકિરણબેનનો જન્મ તા.૧૦/૦૩/૨૦૧૦ ના રોજ ગીરગઢડા તાલુકાના જામવાળા ગામ મુકામે થયેલ છે.તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ,વ્યક્તિ,સંસ્થા,બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ ૦૩/૧૦/૨૦૨૪ માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

સહિ
(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,ગીરગઢડા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૪૫ /૨૦૨૪

અરજદાર: શ્રી જીવાભાઈ જેઠાભાઈ બાંભણીયા
સરનામુ: મું. નાગેશ્રી, તા. જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,નાગેશ્રી
મું. નાગેશ્રી, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી જીવાભાઈ જેઠાભાઈ બાંભણીયા** એ તેમના **માતા નામે સ્વ.શ્રી હિરૂબેન જેઠાભાઈ બાંભણીયા નું મરણ** તા.૨૩/૦૫/૨૦૦૯નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મિલન આર. જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૪૭ /૨૦૨૪

અરજદાર: શ્રી રાણીબેન ગભાભાઈ સોલંકી
સરનામુ: મું.સામાકાંઠે બે બાવ હનુમાનજી મંદિર પાસે, જાફરાબાદ
તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને ચીફ ઓફિસરશ્રી,નગરપાલીકા
મું.જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના **શ્રી રાણીબેન ગભાભાઈ સોલંકી** એ તેમના **પુત્ર નામે શ્રી જીતુભાઈ ગભાભાઈ સોલંકી નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૮૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી નરેશભાઈ એલ. મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૩ માહે ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૩/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**જાહેર નોટીસ**

## એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં

અરજી નં.૩૯/૨૦૨૪
જ.તા.૧૫/૦૩/૨૦૧૪

**પ્રતિ:**
શ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા .......અરજદાર
રહે.જામવાળા, તાલુકો- ગીર ગઢડા, જિલ્લો. ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
જામવાળા, તાલુકો- ગીરગઢડા, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા, રહે. જામવાળા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર શ્રી સંજયભાઈનો જન્મ તા.૧૫/૦૩/૨૦૧૪ના રોજ ગીરગઢડા તાલુકાના જામવાળા ગામ મુકામે થયેલ છે.તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ,વ્યક્તિ,સંસ્થા,બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ ૦૩/૧૦/૨૦૨૪ માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

સહિ
(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,ગીરગઢડા

**જાહેર નોટીસ**

## એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ગીરગઢડાની કોર્ટમાં

અરજી નં.૪૦/૨૦૨૪
જ.તા.૨૦/૦૪/૨૦૧૫

**પ્રતિ:**
શ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા .......અરજદાર
રહે.જામવાળા, તાલુકો- ગીરગઢડા, જિલ્લો. ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ )અને તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,
જામવાળા, તાલુકો- ગીરગઢડા, જિલ્લો.ગીર સોમનાથ .............સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચીનાભાઈ કાળાભાઈ બારૈયા, રહે. જામવાળા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્રી શ્રી કિંજલબેનનો જન્મ તા. ૨૦/૦૪/૨૦૧૫ ના રોજ ગીરગઢડા તાલુકાના જામવાળા ગામ મુકામે થયેલ છે.તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ,વ્યક્તિ,સંસ્થા,બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેશો.


આજ રોજ ૦૩/૧૦/૨૦૨૪ માહે ઓક્ટોબર સને ૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

સહિ
(જી.કે.વાળા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,ગીરગઢડા

# વિસાવદરના ગ્રામ્ય પંથકોની ગરબીઓમાં ઈકો-સેન્સેટીવ ઝોનનો અનોખો વિરોધ

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૫

જૂનાગઢમાં ઈકો સેન્સિટિવ ઝોનનો અનોખો વિરોધ કરવામાં આવ્યો છે. ગરબા રમતી બાળકીઓએ બેનર સાથે વિરોધ કર્યો છે. વિસાવદરના લીમધ્રા, હરિપુર અને ખાંભામાં વિરોધ કરવામાં આવ્યો છે. ઈકોઝોન નાબૂદ કરોના બેનરો સાથે ગરબા રમાયા હતા. હે અંબે મા ઈકોઝોન હટાવવા સરકારને સદબુદ્ધિ આપો તેવા બેનરો સાથે ગરબા ગવાયા. ઈકો સેન્સિટિવ ઝોનમાં ત્રણ જિલ્લાના ૧૯૬ ગામનો સમાવેશ થાય છે. વિસાવદર તાલુકાના




ગામો પણ ઈકો સેન્સિટિવ ઝોનમાં આવે છે. થોડા દિવસ અગાઉ વિસાવદરના ભૂતપૂર્વ વિધાનસભ્ય હર્ષદ રીબડિયાની આગેવાનીમાં ઈકોસેન્સિટિવ ઝોનના વિરોધમાં સર્વપક્ષીય આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. હવે જ્યારે નવરાત્રિ શરૂ થઈ ગઈ છે ત્યારે ગ્રામજનો દ્વારા ઈકો સેન્સિટિવ ઝોનનો અનોખી રીતે વિરોધ કરવામાં આવી રહ્યો છે. જુનાગઢમાં 'ઈકો સેન્સિટિવ ઝોન' રદ કરવાની માગ નજીકનાં ગામજનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે. આ મામલે વિરોધ સતત વકરી રહ્યો છે. ત્યારે આ વચ્ચે ઈકો સેન્સિટિવ ઝોન રદ કરવા ૧૯૬ પંચાયતો દ્વારા ઠરાવ કરી રજૂઆત કરાઈ છે.

# ચોમાસાની વિદાય વેળાએ દ.ગુજરાત-સૌરાષ્ટ્રમાં હળવા વરસાદની સંભાવના

ગાંધીનગર,તા.૦૫

ચોમાસુ ગુજરાતના અનેક વિસ્તારમાંથી હાલ વિદાય લઈ રહ્યું છે. જો કે પોસ્ટ મોનસૂન એક્ટિવિટીના ભાગરૂપે વરસાદ વરસી શકે છે. જેના ભાગરૂપે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હળવોથી મધ્યમ વરસી શકે છે. ઉલ્લેખનિય છે કે, હવામાન વિભાગના હાલના મોડલ મુજબ ૭થી ૮ ઓક્ટોબરની આસપાસ ગુજરાતમાં ફરી વરસાદ વરસી શકે છે. આ સમય દરમિયાન ઉત્તર ગુજરાત કચ્છ મધ્ય ગુજરાતમાં વરસાદની શકયતા ઓછી પરંતુ ૭થી ૮ ઓક્ટોબરે દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે. લક્ષદ્વીપમાં એક સિસ્ટમ બની રહી છે પરંતુ મજૂબત બને તેવી શક્યતા નથી. આ સિસ્ટમ આગળ વધશે તો



ફરી ગુજરાતમાં વરસાદથી શકયતા પ્રબળ બની શકે છે. જો આ સિસ્ટમ મજબૂત બનશે તો મુંબઈ સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસશે આ સાથે સૌરાષ્ટ્રના કેટલાક વરસાદ વરસી શકે છે. વરસાદની શક્યતાની વાત કરીએ તો વલસાડ, નવસારી, તાપી, ભરૂચ ડાંગ,ગીર સોમનાથમાં આગામી દિવસોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. ૬ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારમાં છૂટછવાયો મધ્યમ વરસાદનું અનુમાન છે.

**માનસિક યાતનાને કારણે માતા-પુત્રીની માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હોવાના કારણે**

# કેશોદના ચર ગામે એક જ પરિવારનો આપઘાતનો પ્રયાસ : માતા-પુત્રીનું મોત

કેશોદ તા.૦૫

કેશોદમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં કેશોદના ચર ગામના એક પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેથી માતા-પુત્રીના મોત નિપજ્યા છે. જ્યારે પુત્ર હાલ સારવાર હેઠળ છે. આ મામલે પોલીસે હાલ તપાસ શરૂ કરી છે. કેશોદના ચર ગામે રહેતા એક જ પરિવારના મહિલા સહિત તેના પુત્ર અને પુત્રીએ ઝેરી દવા ગટગટાવી સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. મીનાબેન નામની મહિલાનું કેશોદમાં, જયારે તેની પુત્રી રવિનાબેનનું જુનાગઢમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે પુત્ર સંજયભાઈની ગંભીર હાલતમાં કેશોદની ખાનગી



હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મહિલાના પતિ ઘરે મોડી રાત્રે સુતા હોય તે સમયે સૌ પ્રથમ પરિવારની મહિલા અને તેની પુત્રીએ ઝેરી દવા ગટગટાવી હતી. જે બાદ પાછળથી ઘરે આવેલાં યુવકે તેની બહેન અને માતાને બેભાન અવસ્થામાં જોઈ તેણે પણ મોત વહાલું કરવા ઝેર ગટગટાવ્યું હતું. પરિવારમાં પત્ની, પુત્રીના મોતના પગલે પતિ બાબુભાઈ સહિત સગાં સબંધીઓમાં માતમ છવાયો છે. પરિવારના સંબંધી જયંતિભાઈ પરમારે જણાવ્યું કે, થોડા સમય પહેલા તેઓના એક પુત્રનું મોત થયું હતું. તેની માનસિક યાતનાને કારણે માતા-પુત્રી બન્નેની પણ માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી. છેલ્લા ઘણા સમયથી તેઓની દવાઓ ચાલુ હતી. માનસિક અસ્થિરતાના કારણે આ પગલુ ભર્યું છે અન્ય કોઈ કારણ નથી.

# કચ્છ જિલ્લાના ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર બનાવાશે : મુખ્યમંત્રીની જાહેરાત

ભુજ,તા.૫

કચ્છ જિલ્લાના સામત્રા ગામ નજીકના ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ (હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા રાજ્ય સરકાર ૧૦ કરોડ રૂપિયા ફાળવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના માંડવીમાં શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ખાતે આયોજીત એક સમારોહમાં આ જાહેરાત કરી હતી. સમગ્ર દેશમાં અતિ દુર્લભ તથા ગુજરાતમાં માત્ર કચ્છ જિલ્લામાં જ જોવા મળતા કેરેકલ (હેણોતરો)ના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે આ વિસ્તારને કેરેકલ પ્રજનન અને સંરક્ષણ વિસ્તાર તરીકે વ્યવસ્થાપિત કરવામાં આવશે. કચ્છની મહત્વની પ્રાકૃતિક ધરોહર સમા આ ચાડવા રખાલ ખાતે કેરેકલ-હેણોતરો ઉપરાંત દિપડા, મગર, ચિંકારા, ઘોરખોદીયું, શિયાળ જેવા ૨૮ જેટલા સસ્તન, ૨૮ સરિસૃપ અને ૨૪૨ વિહંગ પ્રજાતિ મળી કુલ ૨૯૬ જેટલી પ્રજાતિની પ્રાણીજ વૈવિધ્યતા જોવા મળે છે. એટલું જ નહિ, ૨૪૩ જેટલી પ્રજાતિની વાનસ્પતિક વૈવિધ્યતા પણ આ વિસ્તારમાં છે. વન્યજીવ તથા વાનસ્પતિક સંશોધનકારો માટે પોટેન્શિયલ ધરાવતો આ વિસ્તાર ઈકો ટુરિઝમ એક્ટીવીટીની પણ સંભાવના ધરાવે છે. આ ચાડવા રખાલની ૪૯૦૦ હેક્ટર જમીનનો કબ્જો કચ્છના પૂર્વ રાજવી પરિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય સરકારને સોંપ્યો હતો. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે પ્રાકૃતિક સંપદાના સંરક્ષણ અને સંવર્ધન માટે ચાડવા રખાલની આ જમીન વન વિભાગને સોંપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ(હેણોતરો) બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા ૧૦ કરોડ રૂપિયા ફાળવીને વન્યપ્રાણી સપ્તાહની હાલ ચાલી રહેલી ઉજવણી દરમ્યાન મહત્વપૂર્ણ ભેટ આપી છે.




**નરાધમોને પકડવા પોલીસની કવાયત**

# વડોદરામાં નવરાત્રીના બીજા દિવસે જ સગીરા સાથે ગેંગરેપથી ગુજરાત શર્મશાર

(એ.આર.એલ),વડોદરા,તા.૫

સંસ્કારી નગરી વડોદરામાં ફરી એકવાર અસંસ્કારી હરકત થઈ છે. નવરાત્રિના બીજા નોરતે વડોદરાના ભાયલીમાં સગીરા સાથે દુષ્કર્મની ઘટના બની છે. કેટલાક નરાધમો દ્વારા અવાવરૂ જગ્યાએ લઈ જઈ સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. સગીરાની માતાએ



તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસના ઉચ્ચ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. શુક્રવારે રાત્રે નવરાત્રિના બીજા નોરતે સગીરા પર દુષ્કર્મની ઘટના બની હતી. આ વિશે માહિતી આપતા જિલ્લા પોલીસ વડા રોહન આનંદે જણાવ્યું કે, સગીર પીડિતા પોતાના મિત્રને રાત્રે ૧૧.૩૦ વાગે મળી હતી. સગીરા મિત્રની સ્કૂટી પર બેસી ભાયલી ગઈ હતી.

**અમઝદ નામનો શખ્સ ઝડપાયો, જયારે એક શખ્સ ફરાર**

# અમદાવાદમાં સીઆઈડીએ પાડેલા દરોડામાં રૂ.૧.૫૩ લાખના ડ્રગ્સ સાથે એકની ધરપકડ

અમદાવાદ,તા.૫

અમદાવાદમાં સીઆઈડી ક્રાઈમે દરોડા પાડતા ડ્રગ્સ સાથે એકની ધરપકડ કરી. સીઆઈડી ક્રાઈમને મળેલ બાતમીના આધારે લાલદરવાજા બાવા લતીફની ગલીમાં દરોડા પાડ્યા. આ દરોડામાં એક મકાનમાંથી ૧.૫૩ લાખનું ૧૫.૩૩ ગ્રામ ડ્રગ્સ ઝડપાયું. સીઆઈડી ક્રાઈમે ડ્રગ્સના મોટા જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી. આ શખ્સનું નામ અમઝદખાન પઠાણ હોવાનું



સામે આવ્યું. પોલીસના ચોપડામાં અમઝદખાન પઠાણ અનેક ગુનામાં સામેલ હોવાનું નોંધાયું છે. આ દરોડામાં અમઝદની ધરપકડ કરવામાં આવી છે જ્યારે અન્ય ૧ આરોપી ફરાર થયો હતો.




# નવરાત્રિને લવરાત્રી ગણાવતા સાધુ-સંતોમાં ભારે નારાજગી

અમદાવાદ,તા.૫

સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સંત વિવાદ સર્જવા માટે જાણીતા છે. નવરાત્રિ મુદ્દે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ સંતે બફાટ કરતા વિવાદ સર્જાયો છે. સ્વામિનારાયણના સંત અનુપમ સ્વરૂપ સ્વામીએ બફાટ કર્યો છે. તેમના આ બફાટે વિવાદોના વમળ સર્જયા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુપમ સ્વરૂપ સ્વામીએ નવરાત્રિને લવરાત્રિ ગણાવી છે. નવરાત્રિને નવ દિવસનો નાઈટ ફેશન શો ગણાવ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુના બફાટથી સાધુ સંતો પણ નારાજ થઈ ગયા છે. તેમણે જણાવ્યું હતું કે દરેકને પોતાની રીતે પોતાના જમાનાને અનુરૂપ માતાજીની ભક્તિનો અધિકાર છે.







